# સેવા સુવાસ



વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર : સ્વરોજગાર

'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ ''મનુષ્ય'' કહે છે.'
સ્વામી વિવેકાનંદ

## સંયુકત મુખપત્ર

અંક : ૧ વર્ષ: ૨૦૨૩ – ૨૪

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહીં રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૧ |
| ૨. | શારદા સુવાસ | ૨ |
| ૩. | માતૃશકિત | ૩ |
| ૪. | અમારી વાત | ૫ |
| ૫. | સંસ્થા સમાચાર | ૬ |
| ૬. | મિત્રોની નજરે 'સંસ્કાર સિંચન વર્કશોપ' | ૨૨ |
| ૭. | સંશોધનની એરણેથી | ૨૫ |
| ૮. | અમે કયાં ચુકયાં ? | ૨૬ |
| ૯. | નાનાઓની મોટાઈ | ૨૬ |



**સેવા સુવાસ સમિતિ**

બંકિમ શેઠ

| | | |
|---|---|---|
| જાગૃતિ શાહ | ઘનશ્યામ પટેલ | વિક્રમસિંહ વાંસદીયા |
| મુકેશ પરીખ | મંજુલા માછી | ગાયત્રી પટેલ |
| મનીષ ચૌહાણ | પરસોત્તમ વસાવા | જૈમિત રાવલ |

## વલોણું :

### નિર્ણય યોગ્ય લીધો કહેવાય.... ?

**દર્દીનું નામ : સોમાભાઈ રાનીયાભાઈ વસાવા**
**ગામ : ખાખરીપરા, તા.ઝઘડિયા, ઉંમર : ૬૫**

ઉમલ્લા કેમ્પમાંથી આ દાદાને ઝઘડિયા આંખના ઓપરેશન માટે લાવ્યા. આ દાદાને બન્ને આંખે પાકો મોતિયો હોવાથી બન્ને આંખે દેખાતું બંધ થઈ ગયેલું તેથી તેમના દૂરના સગા એટલે એક ભાઈ દાદા સાથે આવેલાં દાદાને દાખલ કરી ઓપરેશન માટે તૈયાર કર્યા ઓપરેશન કરાવવા માટે છોકરો હાથ પકડીને ઓપરેશન થિયેટર સુધી મુકી ગયો પછી ઓપરેશન થિયેટરમાં દાદાને લઈ જઈને ટેબલ પર સુવડાવ્યા દાદાને દેખાતું ન હોવાથી દાદાનો હાથ સગાને બદલે OT સ્ટાફે હાથ પકડી રાખ્યો દાદાને હાથના સ્પર્શથી ખબર પડી કે મારા સગા નથી મારે ઓપરેશન નથી કરાવવું કહીને ટેબલ પર બેસી ગયા પછી ડો.રાજેશભાઈ OT માં હતાં ત્યારે ડો.કાજલબેન અને જશવંતીબેન સાથે રહીને નિર્ણય કર્યો કે દાદાનાં સગાને ઓપરેશન થિયેટરમાં કપડાં બદલાવીને દાદાનો હાથ પકડીને ઉભા રહેવાની સંમતિ આપી અને આ રીતે દાદાનું એક આંખનું ઓપરેશન કરાવ્યું દાદાની પહેલી આંખનું ઓપરેશન તા.૧૫ મે'૨૩ નાં રોજ થયું.

ત્યારબાદ બીજી આંખના ઓપરેશન માટે બે–ત્રણ વાર ફોલોઅપ કર્યુ અને મહિના પછી બીજી આંખનું ઓપરેશન કરાવવા આવ્યા દાદાને એક આંખે દેખાતું થઈ ગયું એટલે દાદા આવતા ન હતાં હવે બીજીવારનાં ઓપરેશન માટે જ્યારે દાખલ કર્યા અને ઓપરેશન થિયેટરમાં સુવડાવ્યા તો દાદા બ્લોક આપ્યા પછી ચાલુ ઓપરેશને બેઠા થઈ ગયાં અને ઓપરેશન કરવામાં તકલીફ પડી ઓપરેશન કરવાનું કેન્સલ થયું તેવામાં હું ઓપરેશન થિયેટરમાં કામ અર્થે ગયેલી હું વારે વારે OT સ્ટાફને પુછતી હતી કે સોમાદાદા ઓપરેશન કરાવવા આવ્યા કે નહી અને એ જ સમયે હું Eye



OT માં પહોંચી અને દાદાની વાતની ખબર પડી ત્યારે જશવંતીબેનને વિચાર આવ્યો કે દાદાનું ઓપરેશન બેભાન કરીને જ કરવું પડશે. દાદાને બે દિવસ રાખી અને પછીનાં અઠવાડીયે એનેસ્થેટીસ્ટ હોય ત્યારે કરાવીએ મને ખ્યાલ હતો કે ડો.સુહાનીબેન એનેસ્થેટીસ્ટ હાજર છે એટલે તેમના સગા સાથે વાત કરીને દાદાનું ઓપરેશન બીજા દિવસે ગોઠવી દીધું સાથે ડો.કાજલબેન આ ઓપરેશન કરે તે માટે ડો.રાજેશભાઈને પણ પૂછી લીધું આમ થોડી માથાકુટને અંતે સોમાદાદાનું બીજી આંખનું ઓપરેશન પણ થઈ ગયું. દાદાને દેખાતું થઈ ગયું સગા પણ ખુશ થઈ ગયાં. દાદાને હવે બન્ને આંખે સારૂ છે. દાદા દેખતા થઈ ગયા.

**દાદાને બંને આંખે દેખાતું તો થઈ ગયું પરંતુ વિચાર એવો આવે છે કે ઓપરેશન કરવું. એ ખૂબ જ નાજુક વિષય છે. ઓપરેશન વખતે હાજર રહેનાર ડોકટર, સ્ટાફ, સાધનો, જગ્યા વિ. ની સ્વચ્છતા એના નિયમો વિ. જાળવવા ખૂબ જ જરૂરી છે. કારણ કે જો આ ન જળવાઈ તો ઈન્ફેકશન વિ. લાગવાની દહેશત રહે. આવા વખતે પહેલીવાર દાદા સાથે એના સગાને હાજર રહેવા દેવાનો નિર્ણય લીધો એ શું બરાબર હતો ? એકબાજુ ઓપરેશનના પ્રોટોકોલ (નિયમો) અને બીજી બાજુ માનવીય અભિગમ... આવા વખતે લેવાયેલાં નિર્ણયો શું યોગ્ય કહેવાય ?**

## શારદા સુવાસ

મા શારદાએ ઘણા ક્રાંતિકારી પગલા લીધેલા તે જમાનામાં સાધુ–સંન્યાસીઓ માત્ર એકાંતમાં જઈને જપ–ધ્યાન અને સાધના કરવાનું પસંદ કરતાં. લોકસેવાના કામો કરવાનું તેઓ સાધુ જીવન માટે ઉચિત માનતા નહિ. આ જમાનામાં સ્વામી વિવેકાનંદે " શિવજ્ઞાને જીવ સેવા " ના આદર્શને સાધુ જીવનમાં કાર્યાન્વિત કરવા રામકૃષ્ણ મિશનની સ્થાપના કરેલી. શરૂઆતના વર્ષોમાં ખુદ એમના ગુરૂભાઈઓ તેમજ શ્રી રામકૃષ્ણના ગૃહસ્થ ભકતો પણ ઠાકુરના આ સંદેશને સમજી શકેલા નહીં અને તે આદર્શને સ્વીકારવા પણ તૈયાર ન હતા. તેઓએ સ્વામીજીના આ નિર્ણયની સામે સખ્ત વિરોધ કરેલો. સ્વામીજીના કેટલાક શિષ્યો અને ભકતોએ બનારસમાં ગુરૂના આ સંદેશથી પ્રોત્સાહિત થઈને રોગીનારાયણની સેવા કરવા સેવાશ્રમ હોસ્પિટલ શરૂ કરેલી. રામકૃષ્ણ સંઘની સ્થાપના થઈ તે પહેલા પરંપરાગત ધારણા એવી હતી કે જેમણે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો હોય તેમણે સંસારિક અને વ્યવહારિક કાર્યો કરવા જોઈએ નહી. દુઃખી લોકો માટે હોસ્પિટલો, સ્કુલો ચલાવવી કે આફતગ્રસ્તોને સહાય કરવા રાહત કામો કરવા સાધકો માટે ત્યાજય ગણાતા. "આત્માનો મોક્ષાર્થ, જગત હિતાય ચ" ના ધ્યેયથી સ્વામી વિવેકાનંદે શરૂ કરેલ સંસ્થામાં સાધુઓને સેવાકાર્યો કરતાં જોઈને તે સમયના સાધુ સમાજે તેઓને ભંગી સાધુ તરીકે ઓળખાવીને તેઓના પ્રતિ ભંગી જેવો વ્યવહાર કરેલો. મા શારદા તેમની ભારતની યાત્રા દરમ્યાન બનારસમાં શરૂ કરેલી સેવાશ્રમ હોસ્પિટલનું કામકાજ જોવા જાતે જ ગયા હતા. હોસ્પિટલમાં અપાતી સેવાઓ જોઈને તેની પ્રશંસા કરતા કહ્યું "જોયું, અહી ઠાકુર પ્રત્યક્ષ બિરાજમાન છે. આ બધું એમનું જ કાર્ય."[૪] સ્વામી વિવેકાનંદના સેવા ધર્મ વિશે જેઓના મનમાં દ્વિધા હતી તેઓના મનનું સમાધાન મા ના આવા દ્રઢતાપૂર્ણ અને સ્પષ્ટ ભાષાના કથનથી થઈ ગયું.

સામાન્ય રીતે મા શારદા સ્થાપિત રીતિરિવાજોની વિરૂધ્ધ જઈને કોઈને આઘાત પહોચાડવાનું ઈચ્છતા ન હતા. પરંતુ દેશાચારને નામે માણસને પીસી નાંખતા વિવિધ જુલમો અને પ્રાચીન પરંપરામાં પરિવર્તન લાવવુ જરૂરી છે. તે સંદેશો આપવા સમાજમાં પ્રચલિત હાનિકારક રુઢિરિવાજોનો વિરોધ કરીને પોતાના તેમજ શિષ્યોના જીવનમાં જરૂરી ફેરફારો કર્યાના થોડા પ્રસંગો જોઈશું.

### વિધવાઓના સંદર્ભમાં :

દશ વર્ષે પરણેલા અને પંદર વર્ષે વિધવા થયેલા ક્ષીરોદબાલા રાયનું ખાવાપીવામાં કઠોર નિયમોને લીધે શરીર એકદમ દુર્બળ થતું જોઈને માતાજીએ કહ્યું "ના, ના, હું કહું છું તું સાબુદાણા ખાજે. એને લીધે શરીરમાં ઠંડક રહેશે." પછી જરા અટકીને બોલ્યા : દીકરી, તેં ઘણી કઠોરતા કરી છે. હું કહું છું તેમ હવે ન કરીશ. શરીર તો તદન લાકડા જેવું થઈ ગયું છે. શરીર બગડશે તો પછી શેના વડે સાધન–ભજન કરીશ, દીકરી?" દેશાચાર પ્રમાણે ક્ષીરોદબાલાએ વાળ કાપી નાખ્યા હતા. તે જોઈને માતાજીએ કહ્યું, 'સારુ કર્યુ, વાળ હોય તો વિલાસિતા આવે, વાળનું જતન કરવું પડે પણ હવે તું ઉંમરમાં મોટી થઈ છે, વાળ કાપવાની હવે જરૂર નથી. તું હવે વિલાસીતાથી લોભાઈ નહી શકે, કઠોરતા કરવાની હવે જરૂર નથી." આમ, આપણે માની દષ્ટિમાં એક બાજુ વિલાસિતાનો ત્યાગ અને બીજી બાજુ ઈશ્વર લાભ કરવા માટે શરીરનું રક્ષણ કરવાનો આગ્રહ એમ કરુણાની સાથે ધાર્મિક દષ્ટિનો સુંદર સુમેળ જોઈ શકીએ છીએ.

૧૯મી સદીમાં ૩૩ વર્ષની ઉંમરે વિધવા થયેલા મા શારદાએ રૂઢિચુસ્ત સમાજની વચ્ચે રહીને ગામ લોકો અને કુટુંબીજનોનો ત્રાસ વેઠીને તે બધાંની સામે અડીખમ રહીને માથાના વાળ કપાવ્યા વગર, લાલ કિનારની નાની પટ્ટીવાળી સાડી તેમજ હાથમાં સુવર્ણનાં કંકણ પહેરવાનુ ચાલું રાખ્યું. મા શારદાનું આ પગલું એ સામાજિક ક્રાંતિનું એક મહાન કદમ હોય તેવું નથી લાગતું?

આજની એકવીસમી સદીમાં પણ વિધવાઓની પરિસ્થિતિ વિશે સાંભળતાં ઘણીવાર આંખો ભીની થઈ જાય છે અને હૃદય દ્રવી જાય છે. વિધવાઓએ મુંડન કરાવવું, હાથની બંગડીઓ તોડી નાંખવી, રંગીન સાડીઓ છોડી દઈ સાવ સફેદ કપડાં પહેરીને અને કયારેક પોતાનું જીવન સુધ્ધાં પોતાના પતિની ચિંતા ઉપર હોમી દેવાની પ્રથા આજે પણ આપણા દેશમાં કોક કોક ખૂણે જોવા મળે છે. માના જીવનમાં બિનજરૂરી અથવા તો હાનિકારક રૂઢિઓનું ખંડન કરીને જે રૂઢિ રિવાજો નુકસાનકર્તા ના હોય તેને ચાલુ રાખીને અને નવા વિચારો તથા રીતરિવાજોને અનુમોદન આપીને અને આચરી બતાવીને એક વૈજ્ઞાનિકને છાજે તેવા વાણીવર્તન અને વ્યવહારના આવા તો અનેક પ્રસંગો છે. શું મા શારદા પોતાના જીવન દ્વારા એવું સૂચવી રહ્યા છે કે સ્થળ અને સમયને અનુસાર થતા પરિવર્તનોને આધારે કેટલાક અમાનવીય રીતિ રિવાજોનું આંધળુ અનુકરણ અધઃપતનનું કારણ બની શકે છે તેને પડકારવા જોઈએ અને બંધ કરાવવા જોઈએ અને તેની શરૂઆત મહિલાઓએ કરવી જોઈએ!!

◆

## માતૃશકિત

**ગામઃ ગડી., તા.ડેડીયાપાડા, જી.નર્મદા**
**નામઃ બેબી સોમી સુખલાલ રડવીયા વસાવા**

Low Birth Weight-LBW, TDS બર્થ એકસપેસાયા, પ્રિટર્મ (જ.વ.૦.૯૬૮ ગ્રામ) માતાનો અભ્યાસ–ધો.૩, ઘરકામ ખેતમજુરી કુટુંબમાં કુલ ૪ સભ્યો. પતિ–પત્નીને ૨ બાળકો. બાળકનો જન્મ તા.૨૦/૭/૨૨, જન્મનું વજન–૦.૯૭૮ ગ્રામ

સોમીબેનની બીજી સુવાવડ ૨૬–૨૭ અઠવાડિયે અધુરા માસે બેનને દુઃખાવો થયો. ઝઘડિયા સેવા રૂરલમાં લાવ્યા દાખલ કર્યા. દુઃખાવો રોકવા પ્રયત્ન કર્યા પરંતુ દુઃખાવો બંધ ન થયો અને સાતમા માસેએ બેનની સુવાવડ થઈ ગઈ. જન્મ સમયે બાળકનું વજન ફકત ૦.૯૭૮ ગ્રામ હતું. બાળક જન્મ્યું ત્યારે રડયું પણ નહોતું પ્રયત્નો કરીને રડાવ્યું બાળકને શ્વાસ લેવામાં પણ તકલીફ હતી એટલે બાળકને સેવા રૂરલમાં NICUમાં બાળકને દાખલ કર્યું. સારવાર દરમ્યાન માતાએ ઘરે જવા માટે ડોકટરને વાત કરી. ડોકટરે રજા માટે ના પાડી. છતાં રજા વિરૂધ્ધ બાળકને લઈને ઘરે જતા રહયા. કારણ કે ઘરે ઢોર, નાનું બીજું બાળક વિગેરે પ્રશ્નો હતા.

બીજા દિવસે સેવા રૂરલમાંથી SNCU ફિલ્ડ સુપરવાઈઝરને જાણ થતાં સુપરવાઈઝર લાભાર્થીના ઘરે ગયા. તેમને તેમજ આજુ બાજુ વાળાને બેસાડીને બાળકના જોખમ વિશે સમજ આપીને બાળકને પરત હોસ્પિટલમાં દાખલ કરવા સમજાવ્યું. માતાને ઘણા બધા પ્રશ્નો હોવાના કારણે

હોસ્પિટલમાં રહેવાની ઈચ્છા હોવા છતાં પણ આવી શકે એમ નથી એવું જણાવ્યું. એટલે ફિલ્ડ સુપરવાઈઝરે બાળકની ઘરે શું શું કાળજી લેવી તેની સમજ આપી. ઘરે ગયા પછી ફિલ્ડ સુપરવાઈઝરે પ્રથમ વખત વજન કર્યું તો બાળકનું વજન ફકત ૦.૮૦૦ ગ્રામ થયું વજન ખૂબ જ ઓછું બાળક ધાવણ પણ લઈ શકતું નહોતું માતાને બાળકના જોખમની પૂરેપુરી માહિતી આપી પરંતુ દવાખાને આવવા તૈયાર ન થયા. ઘરે (છોહ) કાંગારૂ મધર કેર કરવી, નવડાવવું નહી, હુંફાળુ રાખવું, વારંવાર બાળકને અડવું નહિ, જયારે પણ લો ત્યારે હાથ ધોઈને ધોઈને લેવું માતાનું ધાવણ વાડકીમાં કાઢીને ચમચીથી પીવડાવવું કપડાં, ટોપી, મોજા પહેરાવીને સ્વચ્છ ચોખ્ખી જગ્યામાં રાખવું વિગેરે સમજ આપી માતાએ આ બધું જ કરવું પડશે નહી કરે તો દવાખાનામાં દાખલ કરવાનું છે. એ સમજાવ્યું તેમજ માતાને એ પણ સમજાવ્યું કે આ બાળકને બચાવવાનું છે. બાળકનું મરણ થાય એની જવાબદારી માતાની છે. માતાએ બાંહેધરી આપી કે હું ઘરે બધું જ કરીશ પણ મારું નાનું બીજું બાળક, ઢોર, ખેતી વિગેરે કામો ના કારણે મારા પતિ મારી સાથે દવાખાને ન રહી શકે એના કારણે ઘરે જે પણ કરવાનું હશે એ કરીશુંને જે પ્રમાણે સમજાવ્યું–શીખવાડયું એ પ્રમાણે માતાએ બાળકની કાળજી લેવાનું ચાલું રાખ્યું. સુપરવાઈઝર દ્વારા દર અઠવાડિયે – પંદર દિવસે વિઝીટ કરવાનું ચાલું હતું. ૧૫–૨૦ દિવસમાં બાળકનું વજન ૧.૦૮૦ કિ.ગ્રા. થયું. આ વખતે પણ દવાખાને દાખલ કરવા સમજાવ્યું પરંતુ માતાએ અગાઉની જેમ મુશ્કેલી જણાવી માતાએ આ બાળકને બચાવવા જે કહે તે ઘરે કરવાની તૈયારી બતાવીને એ પ્રમાણે કાળજી કરતા રહયા.

બાળકના જોખમોની સમજ આપી. ધાવણ ઓછું લેવું, અથવા ના લેવું, ઉલટી, ઝાડા, તાવ, શરદી, ખાંસી, કફ, શરીરે ગુમડું, ફોલ્લીઓ, શ્વાસ લેવામાં મુશ્કેલી, ખેંચ, ઢીલું, બેભાન, પેટ ફુલવું, આવું કંઈપણ લાગે તો તરત ફોન કરવો જાણ કરવી, બાળકોના ડોકટરને બતાવવા માટે લઈ જવું, સારવાર લેવી, અધુરા મહિને છે. તો આંખની રેટીનોપથીની તપાસ માટે ઝઘડિયા દર મહિને બોલાવે ત્યારે આવવા માટે પણ સમજાવ્યું.

હોસ્પિટલ ટીમ તેમજ ડોકટરે કહયું હતું કે આ બાળકની ઘનિષ્ઠ કાળજી નહી રાખે તો બચવાની શકયતાઓ ઓછી છે. પરંતુ એ વાત ખોટી સાબિત થઈ. માતાની તાકાત–શકિત એવી છે કે એણે પોતાના બાળક માટે રાત–દિવસ મહેનત કરી (KMC કરી) તેમજ જે પ્રમાણે ફિલ્ડ સ્ટાફે સમજાવ્યું એ પ્રમાણે બધું જ કર્યું અને આ બાળકીનો જીવ બચાવ્યો. કહેવાય છે ને કે માની મમતા આગળ ભગવાન પણ ઝુકી જાય છે. તો આ છે. માની માતૃશકિત હાલ આ બાળકનું વજન ૫.૨૫૦ કિ.ગ્રા. થયું છે ને સરસ રીતે ઉછરી રહયું છે.

# અમારી વાત

## તાલીમની સાર્થકતા

- **તારીખ ૧૮ જુન'૨૦૨૩ ના રોજ ૧૧ નંબર ઓપીડીમાં વોલફેન ઘટના વિશે**

વોલફેન ગરમ થવાથી તેની બોડી સળગી અને તેમા ધુમાડા સાથે આગ લાગી હતી. અને રવિવાર હોવાથી ઓપીડી બંધ હતી માટે ૧૧ નંબર ઓપીડીમાં પંખાનો ધુમાડો અંદર રહેલ ડીટેકટર દ્વારા એલાર્મ પેનલમાં જાણ થઈ અને જાણ સાથે ૨૪X૭માં કરીશ્માબેને હર્ષદભાઈ ઉપર ફોન કર્યો અને તેની સાથે રાજુભાઈ વોચમેન પણ (બઝર) સાંભળીને અને હિપેશભાઈ (બઝર) સાંભળીને ઘટનાની જાણ થઈ અને સાથે મારી પાસે ફોન આવતા મે હિપેશભાઈને પણ તરત જાણ કરી. તેઓ ઘટના પાસે જતા ધુમાડો અને પંખો સળગતો દેખાતો હોવાથી ૧૧ નંબર ઓપીડીની ચાવીથી ઓપીડી ખોલીને ઈલેકટ્રીક સપ્લાય બંધ કરી નજીક રહેલ ફાયર એક્ષ્ટેનગ્યુસરનો ઉપયોગ રાજુભાઈ વોચમેન કરેલ અને પછી હિપેશભાઈ બંને સાથે મળીને પંખો સળગતો ઓલવી જગ્યા પરથી છૂટો પાડી મેઈન્ટેનન્સમાં લઈ ગયા. પંખો પુરે પુરો સળગી ગયેલ ઘટનાની તપાસ દ્વારા બીજા દિવસે હર્ષદભાઈ, મહાવીરભાઈ અને દિલીપભાઈએ વિસ્તાર પૂર્વક ઘટનાની માહિતી મેળવી અને મિટીંગ કરી.

આ વિષય પર સિસ્ટમ અને માણસ ની હાજરી હોવી ફરજીયાત છે. તેમ જાણવા મળ્યું. અને સાથે તાલીમ પણ કામ લાગી.

**કાર્યકરનું ઘડતર :**

સેવા રૂરલના ત્રણ મિશન છે. (૧) ગરીબોનું કામ (૨) મુલ્યો આધારિત કાર્ય પધ્ધતિ અને (૩) કાર્યકરોનો સ્વવિકાસ. સેવા રૂરલના મિશનમાં કાર્યકરોનું ઘડતરએ એક મુળભૂત બાબત છે. સંસ્થાઓ કાર્યકરોથી જ ઉજળી બને છે. આ સનાતન સત્ય અનેક અનુભવી સંસ્થાઓના સંચાલકો દ્વારા જાણવા સમજવાનું મળ્યું હતું. માટે ૧૯૮૦માં સેવા રૂરલની શરૂઆત કરી ત્યાર થી જ એટલે કે પ્રથમ દિવસથી જ કાર્યકરોનું ઘડતર એ એક અમારા સૌની અગ્રીમતામાં હતું. આ માટે કાર્યકરોમાં કામ કરતા કરતા આ બાબતનું મહત્વ સમજાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહયાં છે. સ્વામી વિવેકાનંદનો પણ ચારિત્ર્ય ઘડતર ઉપર, માનવ નિર્માણ ઉપર ખૂબ મોટો ઝોક રહેલો છે. સેવા રૂરલમાં કાર્યકરોના ઘડતર માટે કેટલાંક નીચે પ્રમાણેના પ્રયત્નો થઈ રહયાં છે.

૧. સંસ્થામાં યોજાતી વિવિધ મિટીંગોની શરૂઆતમાં જીવન ઘડતરના વિષયો ઉપર વાંચન કરવામાં આવે છે.

૨. કાર્યકરોને જોબ દરમ્યાન જ વિવિધ પ્રકારની તાલીમો આપવામાં આવે છે.

૩. કાર્યકરોના વિવિધ પ્રકારના શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવે છે.

૪. આ ઉપરાંત કાર્યકરોના વ્યકિતત્વ વિકાસ માટે સંસ્થામાં લાઈબ્રેરીની વ્યવસ્થા, સ્ટાફ વેલ્ફેરની પ્રવૃતિઓ કરવામાં આવે છે.

૫. ચાલુ નોકરી દરમ્યાન જ વધુ અભ્યાસની દેશ–પરદેશમાં તકો પૂરી પાડવામાં આવે છે.

૬. સંસ્થાના કાર્યકરો મલ્ટીટાસ્કીગ / વિવિધ પ્રકારની જવાબદારીઓ લેતા થાય તેવી મોકળાશ આપવામાં આવે છે.

૭.વિવિધ કક્ષાની મિટીંગોમાં ચર્ચા વિચારણા કરવામાં આવતી હોવાથી કાર્યકરોમાં જવાબદારી ભર્યા નિર્ણયો લેતા થયા છે.

૮.સિનીયર કાર્યકરોમાં ચારિત્ર્ય નિર્માણ, આધ્યાત્મિક દ્રષ્ટિકોણ અને નીતિમત્તાના ઉંચા માપદંડોની અપેક્ષા રાખવામાં આવે છે. પરિણામે સિનીયર કાર્યકરો હંમેશાઃ Role model બને છે. આવા સિનીયર કાર્યકરોમાં ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા, નિસ્વાર્થ ભાવે કાર્ય કરવા, સંસ્થામાં હોદ્દાની અપેક્ષા ન રાખવી, આ કલ્ચરને લઈને સંસ્થાના તમામ સ્તરના કાર્યકરોમાં સંસ્થાના મિશનની દ્રઢતા જોવા મળી રહી છે.

૯.સેવા રૂરલ સંસ્થાની કાર્યકરો કેન્દ્રિત વિવિધ પોલીસીના પરિણામે સંસ્થાના કાર્યકરોને સંસ્થા પ્રત્યે એક વિશ્વાસ ઉભો થયો છે. છેલ્લાં સાત વર્ષથી **ગ્રેટ પ્લેસ ટુ વર્કથી સન્માનિત** થઈ રહેલ છે. જયારે **બેસ્ટ વર્ક પ્લેસ ફોર વિમેન** માટે પણ ચાર વખત આ સંસ્થાનું બહુમાન કરવામાં આવ્યું છે.

૧૦.સેવા રૂરલ સંસ્થાની પારદર્શિકતા અને જવાબદેહિતાને પરિણામે વધુને વધુ કાર્યકરો સંસ્થાને પોતાની માનવા લાગ્યા છે. આ ઉપરાંત સેવા રૂરલ સંસ્થાએ પારદર્શિકતાના માપદંડોમાં સ્થાન જાળવી રાખીને ગાઈડ સ્ટાર, National Accreditation Board for Testing and Calibration Laboratories (NABL) / લક્ષ્ય જેવા સર્ટીફિકેટ પણ હાંસલ કર્યા છે.

૧૧.સ્થાપક ટ્રસ્ટીઓએ ટૂંકા વર્ષોમાં ટ્રસ્ટી તરીકેનો હોદ્દો જતો કરીને સંસ્થામાં કાર્ય કરતા નિષ્ઠાવાન કાર્યકરોમાંથી જ નવા ટ્રસ્ટીઓ બનાવ્યાં છે. આમ એવી રીતે જુદાં જુદાં એવોર્ડ લેવા જવાના પ્રસંગોએ હંમેશા સિનીયર કાર્યકરોએ કે ટ્રસ્ટીઓએ આ એવોર્ડ લેવા જવાને બદલે વિવિધ કાર્યકરોને એવોર્ડ લેવા માટે મોકલવાની એક ઉજળી પરંપરા ઉભી કરી છે. તેવી રીતે વિવિધ ફંકશનો કે કાર્યક્રમોમાં સ્ટેજ ઉપર શકય હોય ત્યાં સુધી વિભાગીય વડાને આ મહત્વનું સ્થાન આપવામાં આવે છે.

૧૨.આ ઉપરાંત કાર્યકરોમાં દરેક ધર્મ અને સંપ્રદાયમાં વિશ્વાસ ધરાવે છે. માટે સેવા રૂરલમાં વિવિધ ધર્મના સાધુ સંતોને આવકારવામાં અને તેમાંથી પ્રેરણા મેળવવામાં કાર્યકરો હંમેશા ધન્યતા અનુભવી છે. તેવી રીતે વિવિધ ધર્મના ઉત્સવોની ઉજવણી જેવી કે નાતાલ પર્વ, ઈદ પર્વ અને નવરાત્રી જેવાં પર્વની ઉજવણી ખભે ખભાં મિલાવીને કરવામાં આવે છે.

૧૩.કાર્યકરો માટે સેવા રૂરલમાં અનેક પ્રકારની કારકિર્દી વિકસાવવાની તકની સાથે સાથે આંતરિક વિકાસની પણ ઘણી તકો પડેલી છે.

૧૪.પાયાના મૂલ્યમાં અમે બાંધછોડ કરતાં નથી. જેમકે, ચારિત્ર્ય સિથીલતા, ચોરી કરવી અને સંસ્થાને મૂળભુત રીતે નુકશાન થાય તેવી પ્રવૃતિઓમાં જોડાવું કે તેને ઉત્તેજન આપવું, લાંચ આપવી કે લાંચ લેવી જેવી રશ્મો રીત અમે ચલાવી લેતા નથી તેમાં પણ ખાસ કરીને સંસ્થાની વિવિધ પ્રવૃતિઓના લાભાર્થીઓ સાથે છેતરપિંડી કરવી વિગેરે.

૧૫.સંસ્થામાં પહેલે દિવસથી જ મેનેજમેન્ટ અને કર્મચારીઓ એવા બે વિભાગ નથી. નાના મોટા નિર્ણયોમાં કાર્યકરોની સહભાગીતા ઘણી રહેલી છે.

૧૬.સેવા રૂરલ સંસ્થા બિનરાજકીય સંસ્થા છે. આ ઉપરાંત સર્વધર્મ સમભાવ અને પરિવાર ભાવના જેવાં મુલ્યો ધરાવતી સંસ્થા છે.

આ અમારા પ્રયત્નો છે. સાથે અમારી મર્યાદાઓ ઘણી રહી છે. સંસ્થાનું કદ વધે તેમ તેમ સંસ્થાની ઉજળી પરંપરાઓમાં ઝાંખપ આવતી હોય છે. આવા પડકારો અમને જીવંત અને જાગૃત રાખે છે.

આપ પણ આવા અન્ય ઉપાયો સૂચવશો તો ગમશે.

## સંસ્થા સમાચાર

### સેવા રૂરલ જનરલ સમાચાર

- તા.૧૬ એપ્રિલ'૨૩નાં રોજ સ્થાનિક વિવિધ સંસ્થાઓના સહકારથી ઝઘડિયામાં આવેલી દિવાન ધનજીશા હાઈસ્કૂલમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૩૩ બોટલ રકતદાન એકત્ર થયું.
- તા. ૧૪–૧૫ એપ્રિલ'૨૩નાં રોજ કો–ઓર્ડિનેશન મિટીંગનાં સભ્યો માટે ગામ અશામાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું જેમાં GNFCમાંથી સીનીયર હોદ્દા ઉપરથી રીટાયર્ડ થયેલાં શ્રી મહેશભાઈ ભટ્ટ દ્વારા **"કોમ્યુનિકેશન"** વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. તથા અન્ય વિષયો પર ચર્ચા – ચિંતન કરવામાં આવ્યા હતા.
- સેવા રૂરલ સંચાલિત કસ્તુરબા હોસ્પિટલમાં મેગા કન્સ્ટ્રકશન પ્રોજેકટ હેઠળ ફેઝ ૧માં એક મકાન તૈયાર થઈ ગયુ જેનું નામ, **"સેવા રૂરલ સુવિધા કેન્દ્ર"** રાખવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે દર્દીઓ દર્દીઓનાં સગા માટે તથા મહેમાનો માટે કિચનની સગવડ ઉભી કરવામાં આવી છે. સાથે સાથે ઘોડિયાઘર, નાસ્તા વિભાગ અને સ્ટાફ કવાટર્સ પણ બાંધવામાં આવ્યા છે. સંસ્થાના કાર્યકરો માટે ટુ–વ્હીલર પાર્કિંગની સુવિધા કરવામાં આવેલ છે. હાલ કેમ્પસમાં નેત્ર રક્ષા કેન્દ્રનું બાંધકામ ચાલી રહયું છે.
- સેવા રૂરલ સંચાલિત કસ્તુરબા હોસ્પિટલની ઉત્તરોત્તર સેવાઓનો વ્યાપ વધી રહયો છે તેને અનુલક્ષીને બે ફેઈઝમાં નવું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. ભવિષ્યમાં સેવા રૂરલની વિવિધ પ્રવૃતિઓનાં વિસ્તરણ માટે કે નવી કોઈ પ્રવૃતિઓ ઉમેરવા માટે આ હોસ્પિટલ કેમ્પસમાં કોઈ જગ્યા ઉપલબ્ધ નથી તેવા સંજોગોમાં સેવા રૂરલની તદ્દન નજીકમાં આવેલી લગભગ ૫૦૦૦ ચો.ફુટ જેટલી જગ્યા વેચાણથી ખરીદવામાં આવી છે. આ જમીનમાં ભવિષ્યની જરૂરિયાત અંગે ચર્ચા વિચારણા કરીને આયોજન કરવામાં આવશે.
- સેવા રૂરલ દ્વારા સરકારનાં વિવિધ વિભાગોમાં કાયદાઓનું પાલન કરતા આવ્યા છે. પરિણામે લીગલ કોમ્પલાયન્સની મહત્વની કામગીરી સભાનતાપૂર્વક કરવામાં આવે છે. ગુજરાત સરકારનો આવો જ એક કાયદો **લઘુત્તમ વેતન ધારાનો છે.** જેમાં ૧ એપ્રિલ'૨૩થી ઘણો મોટો વધારો થવા પામ્યો છે. તેની અસરનાં પરિણામે સેવા રૂરલનાં તમામ કાર્યકરોના પગારમાં મોટો વધારો કરવાનો થયો છે. તેને લઈને દર વર્ષે સંસ્થા ઉપર રૂા.૧ કરોડ જેટલું ભારણ વધ્યું છે. જોકે કાર્યકરોનાં પગારમાં વધારો થાય તે સૌને માટે આનંદની વાત છે.
- એપ્રિલ–મે–જુન, ૨૦૨૩ દરમિયાન દર મહિનામાં ચોથા રવિવારે અડધો દિવસની આધ્યાત્મિક શિબીર રાખવામાં આવી હતી. જેમાં રામકૃષ્ણ મિશન, વડોદરાથી પૂ. વિવેક મહારાજના "નારદ ભકિત સૂત્ર" પર પ્રવચનો રાખવામાં આવ્યા હતા.
- સેવા રૂરલનાં કાર્યકરોને સ્પર્શતી વિવિધ પોલીસીનો રીવ્યુ કરીને અનુભવમાં આધારે નાના મોટા ફેરફારો સાથેની કુલ ૭૫ જેટલી પોલીસી તૈયાર કરવામાં આવી છે. તેવી જ રીતે કાર્યકરો માટેની માર્ગદર્શિકા પણ તૈયાર કરવામાં આવી છે.

### રીટાયર્ડ પછીની નિમણૂંક :

- સેવા રૂરલમાં નિવૃતિની વય ૫૮ વર્ષની છે. મોટા ભાગના કાર્યકરો આ વયે નિવૃત થાય છે. પરંતુ ખાસ કિસ્સામાં જેવા કે, એન્જીનિયર, ફાર્માસીસ્ટ, લેબ ટેકનીશ્યન અને મહત્વની જગ્યા પર આ પ્રકારના કાર્યકરો ન મળે ત્યારે અપવાદ રૂપ કિસ્સામાં વધુ બે વર્ષ નિમણૂંક

- લંબાવવામાં આવે છે. કયારેક અગત્યની જગ્યા ઉપર નિષ્ઠાવાન કાર્યકર ન મળે ત્યારે તેવા સંજોગોમાં આવી નિમણૂંકના વર્ષો લંબાવવામાં આવે છે.
- તા. ૨૦ જુન'૨૦૨૩નાં રોજ અંકલેશ્વર નર્મદા નદી કિનારે પૌરાણિક હંસદેવજી આશ્રમનાં પૂ.સૂર્યદેવજી મહારાજ સેવા રૂરલમાં ખાસ પધાર્યા હતા.

## કસ્તુરબા હોસ્પિટલ

- કોવિડ મહામારી દરમ્યાન હોસ્પિટલ,લેબ વિ. ના ચાર્જીસમાં વધારો કર્યો હતો. ત્યારબાદ હોસ્પિટલમાં આવતાં દર્દીઓ અને ફિલ્ડમાં કામ કરતા સ્ટાફ દ્વારા 'ભાવ વધારા' ના પ્રતિભાવ જાણ્યાં. અને આ પ્રતિભાવો અને છેવાડાના માણસો ને ધ્યાનમાં રાખી તા. ૧ લી એપ્રિલ' ૨૩થી હોસ્પિટલમાં કન્સલ્ટન્ટ ડોકટર્સની તપાસ ફી તથા લેબ ચાર્જીસમાં ઘટાડો કર્યો છે. જયારે સગર્ભાબેહનોની રજીસ્ટ્રેશન ચાર્જીસ ફ્રી કરીએ છીએ. ૨૦ પ્રકારનાં લેબ ચાર્જીસમાં ઘટાડો કર્યો અને ૬ પ્રકારનાં લેબ ચાર્જીસ ટોટલ ફ્રી કર્યું.
- એપ્રિલ'૨૦૨૩ થી સગર્ભાબેનોની ડાયાબિટીસની તપાસ શરૂ કરી જેમાં ૨૪ થી ૨૮ વીકનાં દરેક સગર્ભાબેનોની ડાયાબિટીસ (DIPSI ગાઈડલાઈન પ્રમાણે) તપાસ કરવાનું શરૂ કર્યું. જેથી કરીને ડાયાબિટીસ નીકળે તો બેનની સમયસર દવા શરૂ કરી શકાય.
- તા. ૨૦ એપ્રિલ'૨૦૨૩ થી ડો.કલ્પનાબહેન (એનેસ્થેટીસ્ટ) ફરી આવવાનું શરૂ કર્યું છે. જેથી તેઓની ઘણી મદદ મળી રહી છે.
- ૧ જૂન' ૨૦૨૩ થી હોસ્પિટલમાં નાગપુરની ઝેબ્રીકોન કંપની દ્વારા નવો Hospital Management Information System-HMIS સીસ્ટમ નવો પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે.
- તા.૧૬ જૂન'૨૦૨૩નાં રોજ વિદેશમાં MBBS કર્યુ હોય તેઓની ઈન્ટર્નશીપ સેવા રૂરલમાં ૧ વર્ષ માટે ૮ ડોકટર તથા ૨ વર્ષ માટે ૨ ડોકટર આમ કુલ ૧૦ ડોકટર પ્રથમ વખત ઈન્ટર્નશીપ કરવા માટે આવ્યા છે.
- ૧૮ જૂન'૨૦૨૩ના રોજ નવા રાજુવાડીયામાં આઈ કેમ્પ સાથે તે જ ગામની આશ્રમ શાળામાં ભણતા ૧૦૦ વિદ્યાર્થીનાં બ્લડગૃપ ટેસ્ટ કર્યા. જેમાં લેબમાંથી બે લેબ સ્ટાફે આ બ્લડગૃપ કેમ્પની કામગીરી કરી.
- પતિ–પત્ની બંનેને ૫૦–૫૦% સીકલસેલ હોય અથવા કોઈપણ એકને ૧૦૦% સીકલસેલ હોય આ કપલમાં બેન સગર્ભાવસ્થામાં હોય ત્યારે પ્રિનેટલ ડાયાગ્નોસીસ પરિક્ષણ કરવાનું પહેલીવાર ૨૯ જૂન'૨૦૨૩ થી શરૂ કરવામાં આવ્યું છે. જેથી કરીને આગળ યોગ્ય નિર્ણય લઈ સારવાર કરી શકાય તે હેતુથી શરૂ કરવામાં આવ્યું છે.
- તા ૮–૯ જૂન'૨૦૨૩ નર્સીંગ આસીસ્ટન્ટ તથા લેબ આસીસ્ટન્ટ તાલીમ માટે ઈન્ટરવ્યુ થઈ ગયાં જેમાં ૧૭૬ બેનો ઈન્ટરવ્યુમાં આવ્યા. તેમાંથી નર્સીંગ આસીસ્ટન્ટ માટે ૧૮ બહેનો તથા લેબ આસીસ્ટન્ટ માટે ૩ બહેનો એમ કુલ ૨૧ વિદ્યાર્થીનીઓની તાલીમ જુલાઈ'૨૩ થી શરૂ થશે.
- ૯ જૂન'૨૩ ABDM આયુષ્યમાન ભારત ડિજીટલ મીશન અંગેની વડોદરા રીજીયનની ટ્રેનિંગ માટે ડો.તુષારભાઈ ગયેલા. આ એક એવું પ્લેટફોર્મ (સોફટવેર) છે જે થકી તમામ દર્દીઓ પોતાના આરોગ્યને લગતા રીપોર્ટ પોતાના એક ID (ABDM-ID) થી સાચવી શકે છે અને જયારે પણ ડોકટરને બતાવવા જાય ત્યારે તેને બતાવી શકે છે. આરોગ્યને ડિજીટલ કરવાનું આ સરકારનું એક મહત્વપૂર્ણ પગલું કહી શકાય.

- તા. ૮ જૂન'૨૦૨૩ના રોજ રાજપીપલા બ્લડબેન્ક દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ રાજપારડીમાં હતો. ત્યાં લેબમાંથી પૂનમબેન વસાવા મદદ માટે ગયા હતા. ત્યાં બ્લડ ડોનેશન કેમ્પમાં કોઈ ટેકનીશ્યન આવ્યું ન હતું તો પૂનમબેને એકલા જાતે ખત કલેકટ કર્યા અને તેમને મદદનાં ભાગ રૂપે ૫૦૦ રૂપિયા બ્લડ ડોનેશન કેમ્પ કરવા આવેલાં તેઓએ બળજબરીથી આપેલાં તે સંસ્થાના નિયમ મુજબ આપણે લેતા નથી. પરંતુ કેમ્પ કરનારની ભાવનાને કારણે સ્વીકારી ... સ્ટાફ વેલફેરમાં જમા કરાવી દઈ એક કાર્યકરે ઉમદા દાખલો પુરો પાડયો તે બદલ અભિનંદન.
- રાષ્ટ્રીય કમિટી – અવેરનેસ અને કાઉન્સેલીંગ ફોર સીકલસેલમાં સેવા રૂરલ વતી ડો.ગાયત્રી દેસાઈ, મેમ્બર બન્યા. સેવા રૂરલના અનુભવો રાષ્ટ્રીય સ્તર પર શેર કરાયા.

**ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર સર્જરી કેમ્પ**

| અ.નં | માસ | ઓપીડી | લોકલ સર્જરી | રીફર |
|---|---|---|---|---|
| ૧ | એપ્રિલ'૨૩ | ૨૯ | ૪ | ૫ |
| ૨ | મે'૨૩ | ૨૦ | ૩ | ૨ |
| ૩ | જૂન'૨૩ | – | – | – |
| કુલ | | ૪૯ | ૭ | ૭ |

**ડેડીયાપાડા સેટેલાઈટ ગાયનેક સર્જરી કેમ્પ**

| અ.નં | માસ | ઓપીડી | રીફર |
|---|---|---|---|
| ૧ | એપ્રિલ'૨૩ | ૧૦૮૭ | ૩૩ |
| ૨ | મે'૨૩ | ૧૨૮૬ | ૨૫ |
| ૩ | જૂન'૨૩ | ૧૩૬૬ | ૩૬ |
| કુલ | | ૩૭૩૯ | ૯૪ |

**મીનાક્ષીબેન નિલેશભાઈ વસાવા**
**મુ.પો.ગુંદીયા, ઠે. બંગલી ફળિયું**
**તા.વાલીયા, જી. ભરૂચ**
**જન્મ તા. ૬/૬/૧૯૮૩, ઉંમરઃ ૩૯ વર્ષ**
**હાઈટ : ૧૩૮ cm**

મીનાક્ષીબહેન પહેલીવાર તા.૨૮/૯/૨૦૨૨, ૧૫.૬ wk OPD માં બતાવવા આવ્યા હતાં. બહેનને ચોથો મહિનાની પ્રેગ્નેન્સી હતી. સાથે બહેનની હાઈટ ૧૩૮ સેમી. હતી. બેનના લોહીના રીપોર્ટ કરાવ્યા તો બહેનના શરીરમાં લોહીની ઉણપ હતી. ૫.૬% ગ્રામ લોહી HB (હતું). બહેનને હોસ્પિટલમાં દાખલ કરી ૧ લોહીની બોટલ અને ૧ અન્ય બોટલ ચઢાવ્યા પછી ૭.૮% ગ્રામ લોહી થયા બાદ હોસ્પિટલમાંથી રજા આપી. બહેન ફરી તા.૧૪/૧૧/૨૨ના રોજ OPD માં બતાવવા આવ્યા ત્યારે બહેનના શરીરમાં લોહીના ટકા તો સારા હતા પણ બહેનનું લોહીનું દબાણ



(ખ.) વધુ હતું. ૧૬૧/૧૦૩/, તેથી બહેનને **ખ.**ની સારવાર, **ખ.** માટેના જોખમો, ચિન્હો શું કાળજી રાખવી પતિ અને બહેનને સમજાવીને મોકલ્યા હતા. BPની દવા ચાલુ કરી. બહેન રેગ્યુલર (બદહ તપાસ) **ફ.મ**માં બતાવવા માટે આવતા હતા. પતિ અને બહેનને સમજાવીને બહેનની આંખની પડદાની તપાસ માટે આંખના ડોકટર પાસે તપાસ કરાવી લીધી. આંખ નોર્મલ હતી **બદહ ફ.મ**માંથી બહેનને પતિને સુવાવડ માટે તારીખ સમજાવેલ હતી તે પ્રમાણે તા.૩૧/૩/૨૩ના રોજ તેઓ દાખલ થવા આવી ગયેલ હતા. બેનને સુવાવડ કરાવવા માટે દુ:ખાવો વધારવાની દવા આપીને સુવાવડ કરાવવી પડશે તેમ વાત સમજાવેલ હતી. પણ તા.૧/૪/૨૦૨૩ સવારે રાઉન્ડમાં હાઈટ ઓછી હોવાના કારણે .ભ્– િ૨( બ((ભ((?ભ્દ્યત (હ.મ) કરીને ઈમરજન્સી સીઝરીયન કરવાના હતા પણ બહેનને નોર્મલ ડિલીવરી કરાવવા અને દુ:ખાવો વધારવા માટે દવા ચાલુ કરી બહેનની તા.૧/૪/૨૩ના રોજ રાત્રે ૭:૩૩ઉ? એ નોર્મલ ડિલેવરી થઈ દિકરાનો જન્મ થયો. વજન ૨.૨૧૨ કિ.ગ્રા. બહેન અને બાળક સારા છે.બહેનનું **ખ.** પણ નોર્મલ ૧૧૦/૭૦ છે. **ખ.** ની દવા ચાલું છે. બહેનને શરીરમાં લોહીના ટકા ૧૧.૩% સારા છે. બાળકને કમળાની અસર હોવાથી ૨ દિવસ ફોટોથેરાપીમાં રાખેલહતું. બાળકને અને બહેનને સારૂ હોવાથી તા.૫/૪/૨૦૨૩ ના રોજ હોસ્પિટલ માંથી રજા આપી. સરકારી યોજનાનું કાર્ડ હોવાથી હોસ્પિટલ બીલ ફ્રી કરી આપ્યું.

## આંખ વિભાગ

- ૮ એપ્રિલ'૨૦૨૩થી આંખના પડદાના વિવિધ પ્રકારનાં ઓપરેશનની સુવિધા શરૂ કરવામાં આવી. આ ઉપરાંત આંખના પડદાના તપાસ માટે અદ્યતન ઓસીટી મશીનની સુવિધા પણ વિકસાવવામાં આવી છે. આંખના પડદાના નિષ્ણાંત તબીબ દર શનિવારે ડો.સાલીનભાઈ વડોદરા દ્વારા આંખના પડદાના વિવિધ દર્દીઓની સારવાર થઈ રહી છે.
- તા.૨૭–૨૮ એપ્રિલ'૨૩ આમ કુલ ૨ ટીમમાં દિવ્યજયોતિ ટ્રસ્ટ તેજસ આંખની હોસ્પિટલ માંડવીમાં જયોતિબેન વસાવા, રીનાબેન પટેલ આંખના રેટીનાની (પડદા) સર્જરીને લગતા સાધનો, સર્જરીને લગતી તૈયારી, સાધનો વાપરવાની વિવિધ તાલીમ લેવા જઈ આવ્યા જયારે રક્ષાબેન વસાવા તથા તક્ષશિલાબેન રેટીનાના દર્દીઓમાં PMJAY યોજનાનો લાભ આપવા માટેની તથા તેને લગતું કાઉન્સેલીંગ કેવી રીતે કરવું તે અંગેની જાણકારી લેવા માટે તાલીમ લેવા માટે જઈ આવ્યા. આ તાલીમથી ઘણું શીખવાનું મળ્યું. જે આપણાં દર્દીઓની સારવારમાં ઘણી ઉપયોગી થશે.

## આંખના કેમ્પના દાતાઓની વિગત (એપ્રિલ.'૨૦૨૩થી જુન. ૨૦૨૩ દરમ્યાન)

| અ. નં. | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૦૨/૦૪/૨૩ | અંકલેશ્વર | અંકલેશ્વર | લાયન્સ કલબ ઓફ અંકલેશ્વર, ઈન્ડસ્ટ્રીયલ એરીયા |
| ૨. | ૦૯/૦૪/૨૩ | લખીગામ | વાગરા | ગુજરાત કેમીકલ પોર્ટ લિમીટેડ, લખીગામ દહેજ |
| ૩. | ૧૬/૦૪/૨૩ | ઉતરાજ | હાંસોટ | હાંસોટ તાલુકા ખેડૂત કલ્યાણ નિધી ટ્રસ્ટ, હાંસોટ |
| ૪. | ૨૩/૦૪/૨૩ | વાલીયા | વાલીયા | સાયણીયા પરિવાર, વાલીયા |
| ૫. | ૩૦/૦૪/૨૩ | ઓઝ | કરજણ | પરાગભાઈ નારણભાઈ પટેલ, ઓઝ |
| ૬. | ૦૭/૦૫/૨૩ | ઉમલ્લા | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ ટ્રસ્ટ, ઉમલ્લા |
| ૭. | ૧૪/૦૫/૨૩ | ભાલોદ | ઝઘડિયા | વિરેન્દ્રભાઈ માણેકલાલ વ્યાસ, વડોદરા |
| ૮. | ૨૧/૦૫/૨૩ | રઝલવાડા | ઝઘડિયા | ઉર્મિલાબેન જયેશભાઈ શાહ, મુંબઈ |
| ૯. | ૨૮/૦૫/૨૩ | રસેલા | નાંદોદ | શ્રી લખમશી છેલાભાઈ સાવલા મેડીકલ એન્ડ રીલીફ સેન્ટર, રસેલા |
| ૧૦. | ૦૪/૦૬/૨૩ | કેવડીયા | ગરૂડેશ્વર | શ્રી હર્ષદ દેસાઈ અને શ્રીમતિ નંદીની દેસાઈ, મુંબઈ |
| ૧૧. | ૧૧/૦૬/૨૩ | સીસોદરા | નાંદોદ | શ્રી યોગેશભાઈ વાઘજીભાઈ પટેલ, સીસોદરા |
| ૧૨. | ૧૮/૦૬/૨૩ | નવા રાજુવાડીયા | નાંદોદ | શ્રી સતિષભાઈ રાવજીભાઈ પટેલ, નવા રાજુવાડીયા |
| ૧૩. | ૨૫/૦૬/૨૩ | સજોદ | અંકલેશ્વર | ડો.હરીનભાઈ વડોદરીયા સુરત, શ્રી મહેશભાઈ પારેખ કોસંબા, સુ શ્રી મૃદુલાબેન કોઠારી સુરત |

## કોમ્યુનિટી હેલ્થ પ્રોજેકટ

- તા. ૦૧/૦૪/૨૦૨૩ થી ડેડીયાપાડા તાલુકાના ૭૦ જેટલા ગામમાં સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો જેમાં અંતરીયાળ ગામના તમામ લોકોને લોહીનું ઉંચું દબાણ (હાઈપરટેન્સન) ડાયાબીટીસ તેમજ માનસીક સ્વાસ્થ્યની તમામ તપાસ અને સારવાર બિલકુલ મફતમાં આપવામાં આવશે.
- સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળના કાર્યક્રમમાં કાર્ય કરવા માટે ૭૦ જેટલા ગ્રામ્ય કાર્યકર તેમજ ૧૬ જેટલા કેર કોર્ડિનેટર (નર્સબેનો)ની નિંમણુક કરવામાં આવી.

- તા.૨૧/૦૪/૨૦૨૩ ના રોજ ન.ત મેટની તાલીમ આપવા માટે ગક બે ભાઈ સેવા રૂરલ આવ્યા. જેમાં ૧૦ જેટલા કાર્યકરોને તાલીમ આપવામાં આવી.
- સર્વાંગી પ્રાથમિક આરોગ્ય સંભાળ કાર્યક્રમ અંતર્ગત ૭૦ જેટલા ગામોમાં મૃત્યુ વિષયક માહિતી લેવા માટે– કેવી રીતે માહિતી લઈ શકાય તે સંદર્ભે તાલીમ અને સોફટવેરમાં ડેટા એન્ટ્રી માટેની તાલીમ લેવામાં આવી.
- તા.૨૯ થી ૩૧ એપ્રિલ ૨૩ દરમ્યાન દીવ,દમણ, દાદરા નગર હવેલી (યુનીયન ટેરીટરી) માં ટેકો+, મોબાઈલની માસ્ટર ટ્રેનરોની તાલીમ આપવા માટે ગયા. ગુજરાત–ઉત્તર પ્રદેશ બાદ યુનીયન ટેરીટરી (દીવ, દમણ,દાદરાનગર હવેલી)માં પણ ટેકો+ ની એપ્લીકેશન વાપરવાનું શરૂ થયું. તેનો આનંદ અને ગૌરવ છે.
- તા.૧૫/૦૫/૨૦૨૩ ના રોજ વિશ્વ કાંગારૂ મધર કેર દિવસ વડોદરા સયાજી હોસ્પિટલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં આપણા અનુભવોની વાત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આપણને ઈફેકટીવ કાંગારૂ કેર ફિલ્ડમાં કરાવવા બદલ સર્ટીફીકેટ આપવામાં આવ્યું હતું.
- તા.૨૬/૦૫/૨૦૨૩ના રોજ AMA અમદાવાદ ખાતે ઈફેકટીવ સુપરવીઝન કઈ રીતે કરી શકાય તે સંદર્ભે વધુ જાણવા, શીખવા માટે CHP વિભાગના ૨ સુપરવાઈઝર વર્કશોપમાં ભાગ લેવા માટે ગયાં.
- વાત્સલ્ય ધામ જયાં આપણા વિસ્તારના ગરીબ અને અનાથ બાળકોને અભ્યાસ માટે મુકવામાં આવે છે. જેમાં આ વર્ષે જુન માસમાં કુલ ૪૧ ગરીબ અનાથ બાળકોને અભ્યાસ માટે એડમીશન કરાવવામાં આવ્યું હાલમાં ૭૬ જેટલા જુના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહયા છે. આમ કુલ અત્યાર સુધીમાં ૧૧૭ બાળકોએ લાભ લીધો.
- CHP વિભાગમાં કામ કરતા ૧૨ જેટલા સુપરવાઈઝરને ફીલ્ડમાં કઈ રીતે વાતચીત કરવી તેમજ ગામ લોકોનો વધુ સહકાર કઈ રીતે મેળવી શકાય તેમજ શુભેચ્છકો સાથે વાતચીત કઈ રીતે કરી શકાય તે સંદર્ભે રીફ્રેશર તાલીમ આપવામાં આવી.
- સેવા રૂરલની સ્ટાફ વેલ્ફેર કમિટી દ્વારા વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે આ વખતે આનંદ મેળાનું આયોજન કરેલ તેમાં CHP વિભાગના દરેક કાર્યકરો ભેગા મળી આનંદ મેળામાં ચણા– મસાલા નો સ્ટોલ બનાવવામાં આવ્યો હતો.
- તા.૨૫/૦૬/૨૦૨૩ના રોજ યુ.એન.એમ ચિલ્ડ્રન હોસ્પિટલ, કામરેજ ખાતે ખોડ ખાંપણવાળા નાના બાળકોને વધુ તપાસ માટે SNCU ફોલોઅપ પ્રોજેકટ હેઠળ રીફર કરવામાં આવ્યા. તેમાંથી ૧૧ બાળકોની સર્જરી નકકી કરવામાં આવી.
- તા. ૦૫/૦૬/૨૦૨૩ ના રોજ વાઘવાણી A1 સિનીયર સભ્યોની ટીમે સેવા રૂરલની મુલાકાત કરી. ભવિષ્યમાં નવાં પ્રોજેકટ માટે શું કરી શકાય તેની ચર્ચા કરવામાં આવી.
- વાઢવાણી A1 પ્રોજેકટ હેઠળ કુલ ૧૭૦૦ જેટલાં બાળકોનો ડેટા ભેગો કરવામાં આવ્યો.
- તા.૨૭/૦૬/૨૦૨૩ ના રોજ યુનિસેફ ગુજરાતમાંથી ડો.કવિતાબેન, ડો.સુરેશભાઈ તથા અન્ય સભ્યો સેવા રૂરલનાં SNCU પ્રોજેકટની મુલાકાત માટે આવ્યા. આ પ્રોજેકટનાં અનુભવનો લાભ નર્મદા જીલ્લામાં વધારે કેવી રીતે આપી શકાય તેની ચર્ચા થઈ.
- જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ,

- કામમાં સેવા રૂરલ વર્ષોથી ટેકનીકલ સપોર્ટ પુરો પાડે છે. ગત વર્ષોમાં કુપોષણ, કિશોર–કિશોરી સ્વાસ્થ્ય કાર્યક્રમ ચાલી રહયો છે. આ વર્ષે ખાસ કરીને ઉંચું લોહીનું દબાણ અને ડાયાબિટીસ માટે સર્વે કરવામાં આવ્યો. તેના આધારે આગળની રણનીતી કરવામાં આવશે.
- તા. ૮–૯ જુન,૨૦૨૩ના રોજ નર્મદા જીલ્લામાં Early child development સંદર્ભે તમામ મેડીકલ ઓફિસરશ્રી તથા નર્સબહેનો માટેનો વર્કશોપ થઈ ગયો. તેમાં સેવા રૂરલ તરફથી ડો.ધીરેનભાઈએ SNCU ફોલોઅપ પ્રોજેકટ અને તેની અગત્યતા સંદર્ભે વાત કરી હતી.
- સુમનદીપ યુનિવર્સિટીમાંથી MPH નો અભ્યાસ કરતાં ડો.વસુધાબેન માઢક તેમના થીસીસનાં ભાગ રૂપે જાન્યુઆરી થી જુન'૨૩ સુધી સેવા રૂરલનાં કોમ્યુનીટી હેલ્થ વિભાગમાં કામ કરેલ હતું.

## હેલ્થ ટ્રેનિંગ સેન્ટર

### શાળા આરોગ્ય કાર્યક્રમ:

- જુન માસમાં શાળાઓ ખુલ્યા બાદ કાર્યવિસ્તારની શાળા, આશ્રમ શાળાઓમાં ધોરણ ૭ થી ૧૨ ના એડોલેસન્ટની આરોગ્ય તપાસની કામગીરી શરૂ કરી.માસના અંતે ૬૨૧ એડોલેસન્ટની વ્યકિતગત મુલાકાત કરી. આરોગ્ય તપાસમાં ૮ ગંભીર એનીમીક એડોલેસન્ટની ઓળખ કરી તેઓને સેવા રૂરલ રીફર કરી સારવાર લેવા જણાવ્યુ.૩૦૦ મધ્યમ એનીમીયા ધરાવતા એડોલેસન્ટને આયર્ન ગોળી આપી તેઓને શાળાના પીયર એજયુકેટર નિયમિત તેમની દેખરેખ હેઠળ ગોળી ગળાવે તેવી વ્યવસ્થા કરી. ૩૩૨ કુપોષણ ધરાવતા એડોલેસન્ટનુ પોષણ સબંધી કાઉન્સેલીગ કર્યુ.

### પીયર એજયુકેટર

### ઓએસીસ–લવ કેમ્પ :

- ૨૪,૨૫ એપ્રિલ ૨૦૨૩ એમ બે દિવસ ૩૨ પીયર એજયુકેટર સાથે લવકેમ્પ કર્યો.લવ શું કહેવાય તેની સાચી વ્યાખ્યા સમજાવવામાં આવી.એડોલેસન્ટને આ વર્કશોપમાં સાચા પ્રેમ વિશે સમજવાની તક મળી તેમ તેઓએ પ્રતિભાવ માં જણાવ્યું.
- **વોકેશનલ કીટ વિતરણ :** ૬ એપ્રિલ ૨૦૨૩ ના રોજ અમલઝર અને ધારોલી માધ્યમિક શાળામાં વોકેશનલ સ્કીલ માટેની કીટ ડીસપ્લે કરી. સંસ્થાએ શાળામાં આપેલ કીટના સાધનો વિશે વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર ના ઈન્સ્ટ્રકટર સુરેશભાઈએ શાળાના વિદ્યાર્થીઓને સાધનો વિશે સમજ આપી.શાળાના શિક્ષકશ્રીએ આ પ્રકારની કીટ શાળાના કામોમાં ખુબ ઉપયોગી બનશે તેવા પ્રતિભાવ આપ્યા.
- **એડોલેસન્ટ ગામોનો સર્વે :** મે માસમાં એડોલેસન્ટ કાર્યવિસ્તારના ૭ ગામોમાં એડોલેસન્ટની માહિતિ મેળવતો સર્વે કર્યો. કુલ ૧૩૬૮ ઘરોની મુલાકાત કરી ૭૬૦૪ વસ્તી માં ૧૦ થી ૧૯ વર્ષના ૮૧૯ એડોલેસન્ટ છે.જેમાંથી ૧૦ એડોલેસન્ટ પરણિત હતા.૨૮ એડોલેસન્ટે પ્રાથમીક પછી,૧૩૯ એડોલેસન્ટે માધ્યમીક પછી અને ૬૭ એડોલેસન્ટે હાયર સેકન્ડરી પછી અભ્યાસ છોડી દીધો હતો, જેના કારણોમાં ગામમાં શાળા નથી, અભ્યાસમાં રસ નથી, પરીક્ષામાં નાપાસ થાય વગેરે...જોવા મળ્યા. શાળાએ ન જતા એડોલેસન્ટમાંથી ૭૪ એડોલેસન્ટ હાલમાં ખેતરમાં કે કંપનીમાં મજુરીનુ કામ કરી રહયા તે જોવા મળ્યુ.
- **વિશ્વઆરોગ્યદિવસ ઉજવણી :** ૭ એપ્રિલ ૨૦૨૩ ના રોજ વિશ્વઆરોગ્યદિવસની

● કરી.૩૭૫ લોકોએ તેનો લાભ લીધો.નર્સીંગ આસીસ્ટન્ટ તાલીમાર્થીઓ અને એડોલેસન્ટ સ્ટાફના સંયુકત પ્રયાસે એક નાટક તૈયાર કરી તેની રજુઆત દ્વારા ડાયાબીટીસ, બ્લડપ્રેશર, ખાંસી,વ્યસન, માનસિક રોગ, કેન્સર ની સમજ આપી.

● **રાત્રી ગ્રામ શિબિરઃ** મે માસમાં એડોલેસન્ટ માટેના ગામો અને બે શાળાના ગામ મળી કુલ ૬ ગામોમાં રાત્રિ કોમ્યુનીટી શીબીર કરી. એનીમીયા, પ્રેમ કોને કહેવાય અને શાળા છોડવાના કારણો અને તેનો ઉપાય સમજાવતા નાટકોની રજુઆત દ્વારા કોમ્યુનીટીમાં જાગૃતિ કરી. ગામના બાળકોની સાંસ્કૃતિક કૃતિઓ,ગામ આગેવાન,વડીલોની સેવા રૂરલ વિશેની યોગ્ય રજુઆત અને સુચનોથી સેવા રૂરલ એડોલેસન્ટ ટીમને કામ કરવાનો ઉત્સાહ મળ્યો. ૮૩૬ થી વધુ લોકો આ શિબિરમાં સહભાગી બન્યા.

● **માસિક સ્વચ્છતા દિવસ ઉજવણી :** મે માસમાં માસિક સ્વચ્છતાદિવસની ઉજવણીમાં આશાકાર્યકર,આંગણવાડી કાર્યકર અને ગામડાની ૧૩૦ બહેનો સાથે ફીલ્ડમાં તેમના સ્થળે જઈ માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન અને વિવિધ શોષકોની સમજ આપી.વિશેષ કરીને માસિક કપનો વધુ ઉપયોગ કરવાના ફાયદાઓની વાત કરવામાં આવી. આ સત્ર દરમ્યાન૧૦ જેટલા બહેનોએ માસિક કપ ટોકનચાર્જમાં ખરીદી કરી તેનો ઉપયોગ શરૂ કર્યો છે.

## તાલીમ કેન્દ્ર સમાચાર

### ઈનહાઉસ તાલીમ કાર્યક્રમો

● **સ્વરક્ષણ તાલીમઃ** એપ્રિલ થી જૂન દરમ્યાન સ્વરક્ષણની કુલ પાંચ બેચમાં શિવણ, બ્યુટી પાર્લરની ૯૦ બહેનો સાથે જાતિય સતામણી એટલે શું? સ્વરક્ષણ માટે શું કરવું જોઈએ તે વિશે બે દિવસીય તાલીમ કરી.

● **અશા સ્ટાફ ડેવલપમેન્ટ સેન્ટરઃ** ૧૮ જુન રવિવારના રોજ અશા સેન્ટર પર એક દિવસીય વર્કશોપ પૂ.બંકીમભાઈના સાનિધ્યમાં કર્યો. આંતરીક સ્વવિકાસની વાતોમાં સંસ્થામાંથી ૯ કાર્યકર ભાઈઓ બહેનો આ કાર્યક્રમમાં સહભાગી બન્યા.

● **યોગા દિવસ ઉજવણી :** ૨૧ જુન ૨૦૨૩ ના રોજ આંતર રાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણીમાં સ્ટેટ લેવલ યોગા ટ્રેનર કિરણબેન જોગીદાસ દ્વારા સેવા રૂરલના વિવિધ તાલીમાર્થી અને સ્ટાફના ૧૩૦ ભાઈ–બહેનોને યોગા કરાવ્યા.

## અન્ય સંસ્થા તાલીમ :

● ૨૯ જુન ૨૦૨૩ ના રોજ ફુલવાડી ગામમાં બિરલા સેન્ચુરી અને દેવ ફાઉન્ડેશન દ્વારા આયોજિત "બહેનોનુ હેલ્થ અને હાઈજીન " કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ બહેનો સાથે બહેનોનું આરોગ્ય અને માસિક સ્વચ્છતા વ્યવસ્થાપન વિશે ડો.શોભાબેન અને ગાયત્રીબેન પટેલે વાત કરી.

● **દિપક ફાઉન્ડેશન :** ૧૮–૧૯ મે ૨૦૨૩ બે દિવસ દિપક ફાઉન્ડેશનના સુપરવાઈઝર, ૭ તાલીમાર્થીઓ એડોલેસન્ટ વિભાગમાં એનીમીયા વિશેની તાલીમ લીધી.

● **વિઝિટર્સ :** ૨૧ એપ્રિલ ૨૦૨૩ ના રોજ પારૂલ યુનિવર્સીટી – વડોદરાથી માસ્ટર ઈન પબ્લીક હેલ્થમાં અભ્યાસ કરતા ૨૯ વિદ્યાર્થીઓ સંસ્થાની વિઝિટ માટે આવ્યા.ડો.પંકજભાઈ સાથેની બેઠકમાં તેઓએ પબ્લીક હેલ્થમાં જોવા મળતા હાલના પ્રશ્નોની ચર્ચા કરી.

## વિદ્યાર્થી પ્લેસમેન્ટ :

● ૪ એપ્રિલ થી ૪ મે ૨૦૨૩ બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીમાંથી સમાજકાર્યના બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીની માનસીબેન વાઘેલાએ ૧ માસને એડોલેસન્ટ

- ૧ મે થી ૩૦ જુન ૨૦૨૩ બે માસ **યય.જ** (ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ) ગાંધીનગરથી આરતીબેન અને મેધાબેન બે બહેનો ઈન્ટર્નશીપ માટે આવેલ છે. તેઓએ હોસ્પિટલ અને એડોલેસન્ટ વિભાગમાં કામગીરી કરી. મેધાબેને હોસ્પિટલમાં નેશનલ એક્રીડીએશન બોર્ડ ફોર હોસ્પિટલ (દબખજ) સર્ટીફીકેશન સંદર્ભે સેવા રૂરલની યોગ્યતા અને આરતીબેને એડોલેસન્ટ અવેરનેસ નોલેજ ડેટા કંટ્રોલ અને કામગીરીની વિસ્તારનો સરખામણી પ્રોજેકટ કર્યો.
- **ઈનહાઉસ તાલીમાર્થી એનીમીયા પ્રોજેકટઃ** ૮ જુન અને ૨૩ જુન ૨૦૨૩ ના રોજ શિવણ અને બ્યુટીપાર્લરની તાલીમાર્થી બહેનોને એનીમીયા વિશે સમજ આપી. તેઓના હેલ્થ ચેકઅપના આધારે મધ્યમ અને ગંભીર એનીમીયા ધરાવતા તાલીમાર્થી બહેનોને આયર્નની ગોળી આપી, સારવાર સમજાવી.
- **વિજીટીકે વિદ્યાર્થી સાથે સેશન :** ૧ એપ્રિલ ૨૦૨૩ ના રોજ આરોગ્યના વિષયો પર કવીઝ દ્વારા વર્ષ દરમ્યાન લીધેલ આરોગ્ય વિષયો પર પુનરાવર્તન સેશન કર્યુ.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા. ૭–૮ એપ્રિલ'૨૦૨૩ ના રોજ પ્રિન્ટીગ ટ્રેડ અને કેમીકલ ટ્રેડમાં ટ્રેડ પ્રદર્શન રાખવામાં આવ્યું. જેમાં પ્રિન્ટીગમાં ઓફસેટ મશીન વિશે, કટીગ મશીન, વાયર સ્ટીચીંગ મશીન, નંબરીગ મશીન અને કેમીકલ ટ્રેડમાં ચાલતા વિવિધ પ્રેકિટકલો, વિવિધ ઓપરેશન અને પ્રોસેસની માહિતી આપવાનો હતો. જેમાં ટ્રેડના તાલીમાર્થીઓએ સેફટીની માહિતી, વિવિધ પ્રકારના પંપ અને વાલ્વ, હેન્ડવોશ, ડિશવોશની બનાવટ માહિતી તાલીમાર્થીઓને વિસ્તારપૂર્વક આપવામાં આવી.
- તા. ૧૦ એપ્રિલ'૨૦૨૩ ના રોજ કેમીકલ ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલી ભરૂચ એન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડ (BEIL) ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લેવામાં આવી. જેમાં તેમને બહારથી આવતા હાનિકારક વેસ્ટની ટ્રીટમેન્ટ, સ્લજને ડમ્પીગ કરવાની પધ્ધતિ, લાંબાગાળે સ્લજમાંથી ખાતર તૈયાર કરવાની પધ્ધતિ વિશે અને લેબોરેટરીમાં ચાલતા વિવિધ પ્રેકિટકલોની માહિતી મેળવી.
- તા. ૧૦ એપ્રિલ'૨૦૨૩ ના રોજ પ્રિન્ટીગ ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ મૃગલ ઓફસેટમાં વિઝીટ કરવામાં આવી. જેમાં ફોરકલર ઓફસેટ મશીન, સીટીપી પ્લેટ એકસ્પોઝર વિશેની માહિતી અને પેકેજીંગ પ્રિન્ટીગ વિશેની માહિતી લાઈવ ડેમો દ્વારા મેળવવામાં આવી.
- તા. ૧૭ એપ્રિલ'૨૦૨૩ ના રોજ ઈ.સી.એમ (ECM) અને સોલાર ટ્રેડના તાલીમાર્થીઓને ભરૂચ એલકોપ કંટ્રોલ ઈન્ડસ્ટ્રીઝમાં વિઝીટ માટે લઈ જવામાં આવ્યા હતાં. ત્યાં મુખ્યત્વે સાદી પેનલ, પી.એલ.સી (PLC) પેનલ તથા ઓટોમેશન પેનલની એસેમ્બલી વિશે અને તેમાં ઉપયોગમાં લેવાતા વિવિધ ભાગોની જાણકારી મેળવી તથા ઈલેકટ્રીકલ વ્હીકલ ચાર્જીગ સ્ટેશનની જાણકારી મેળવી. આ ઉપરાંત પેનલ વાઈરીગ અને ફેબ્રીકેશન વિશે માહિતી મેળવી.
- તા. ૧૮ એપ્રિલ'૨૦૨૩ ના રોજ ટર્નર કમ મશીનિષ્ટ ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ સોના એન્જીનીયરીંગ અને જય જલારામ એન્જીનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લેવામાં આવી. જેમાં હેવી મશીનરી, એટેચમેન્ટની મદદથી થતા વિવિધ ઓપરેશન, વિવિધ પ્રકારના રો–મટીરીયલ, બેલેન્સીગ મશીન દ્વારા મોટરના રોટરનું બેલેન્સીગ કઈ

- તા.૨૨–૨૩ એપ્રિલ ૨૦૨૩ ના રોજ વિજીટીકેના તાલીમાર્થીઓને મનોરંજન પ્રવાસના ભાગરૂપે ભરૂચ જીલ્લામાં આવેલ કાવી–કંબોઈ બે ગ્રુપમાં લઈ જવામાં આવ્યા હતા.
- તા. ૨૭ એપ્રિલ'૨૦૨૩ ના રોજ ફિટર ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ ગાલીયા કોટવાલા ઈન્ડસ્ટ્રીઝમાં મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતાં. જયાં તેમને પ્લાઝમા કટીંગ, ડ્રીલીંગ મશીન, વેલ્ડીંગ મશીન, હિટ એક્ષચેન્જર જેવા વિવિધ પ્રકારના ઓપરેશનો વિશે માહિતી મેળવી.
- તા. ૨૭ એપ્રિલ'૨૦૨૩ ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોશિએશન (AMA) માં લીડરશીપ ડેવલપમેન્ટ વિષય પર એક દિવસની તાલીમ રાખવામાં આવી હતી. જેમાં વિજીટીકેમાંથી તપનસિંહ ગોહીલ જોડાયા હતાં.
- તા.૨ મે'૨૦૨૩ ના રોજ વેલ્ડર ટ્રેડના તાલીમાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ ગાલીયા કોટવાલા ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લેવામાં આવી હિટ કંડકશન, ઓટોમેટીક મીગ વેલ્ડીંગ, એસ.એસની પ્લેટ પર ટીગ વેલ્ડીંગ વિશે તાલીમાર્થીઓએ માહિતી મેળવી.
- તા.૫ મે'૨૦૨૩ના રોજ કેમીકલ ટ્રેડના તાલીમાર્થીઓએ ભરૂચમાં આવેલી GNFC ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લીધી. જેમાં નીમ ઓઈલમાંથી બનતા સાબુ અને હેન્ડવોશ, યુરિયા ખાતરની પ્રોસેસ, વિવિધ પ્રકારના પંપ, વાલ્વ, ETP પ્લાન્ટ અને DCSપ્લાન્ટ વિશે તાલીમાર્થીઓએ વિસ્તારપૂર્વક માહિતી મેળવી.
- તા.૨૬ મે'૨૩ ના રોજ અમદાવાદ મેનેજેમેન્ટ એસોશિએશન (AMA) અમદાવાદમાં ઈફેકટીવ સુપરવિઝન ઓર્ગેનાઈઝેશન વિષય પર એક દિવસની તાલીમ રાખવામાં આવી હતી. જેમાં વિજીટીકેમાંથી અઝહર શેખ જોડાયા હતા.
- તા.૬ જુન'૨૦૨૩ ના રોજ કોકીલાબેન પંડયા દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને સમયનો સારી રીતે કેવી રીતે ઉપયોગ કરવો, જીવનમાં હંમેશાં વિદ્યાર્થી તરીકે રહેવું એટલે કે નવું નવું શીખતા રહેવું, જીવનમાં હંમેશાં વિવેકપૂર્વક મોબાઈલનો ઉપયોગ કરવો તેના વિશે તાલીમાર્થીઓને વિસ્તારપૂર્વક માહિતી આપી.
- તા.૨૧ જુન'૨૦૨૩ ના રોજ ઝઘડિયાથી આવેલ નેહાબેન (યોગા ટ્રેનર) દ્વારા વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે વિવિધ પ્રકારના યોગાસનો કરાવી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.
- તા.૨૧, ૨૨ જુન'૨૦૨૩ ના રોજ વિજીટીકેના તમામ ટ્રેડના તાલીમાર્થીઓને ટેકનીકલ પ્રવાસના ભાગરૂપે ઈસરો અને સાયન્સ સિટી (અમદાવાદ)ની મુલાકાત લેવામાં આવી. જેમાં વિજીટીકેનો સ્ટાફ પણ જોડાયો હતો.
- તા.૨૭ જુન'૨૦૨૩ ના રોજ તાલીમાર્થીઓની વાલી મિટીંગ રાખવામાં આવી હતી. જેમાં ૯૫ વાલીઓ હાજર રહેલા. જેમાં વાલીઓને તાલીમાર્થીઓની નબળાઈઓ અને સારી બાબતો, ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનીંગ અને ટ્રેનીંગ પછી વાલીઓએ કઈ બાબતોની તૈયારી કરવી તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા.
- તા.૨૯ જુન'૨૦૨૩ના રોજ સીમાબેન દિલીપભાઈ ભગત (પર્વતારોહક) કે જે માઉન્ટ એવરેસ્ટ પર ચડયા હતા તેમણે વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને જીવનમાં પોતાના સપનાઓ અને ધ્યેયનું મહત્વ વિશે વાત કરી. આ ઉપરાંત પોતે માઉન્ટ એવરેસ્ટ પર ચડી પોતાનું સપનું કઈ રીતે પૂર્ણ કર્યુ તેના અનુભવો વિશે

## ગ્રામ્ય વિસ્તારમાં સ્વરોજગારની દિશામાં આગેકૂચ

સેવા રૂરલની શરૂઆત ૧૯૮૦માં થઈ. ત્યારબાદ કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટની શરૂઆત ૧૯૮૨માં થઈ અને ૧૯૮૫–૮૬માં યુવાનો અને મહિલાઓને કેન્દ્રમાં રાખીને આર્થિક અને સામાજીક પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી.

ગ્રામ્ય ગરીબ અને અર્ધશિક્ષિત યુવાનો માટે વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર વિજીટીકેની શરૂઆત ૧૯૮૭માં કરવામાં આવી. ગ્રામ્યવિસ્તારમાં બેકાર અને નહિવત ખેતમજૂરી પ્રાપ્ત કરતા આ અર્ધશિક્ષિત યુવાનોને જરૂરી આવાસીય વોકેશનલ ટ્રેનિંગ આપીને નજીકના ઉદ્યોગોમાં જોબ મેળવી આપવામાં આવે છે. અત્યાર સુધીમાં લગભગ ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપીને પગભર કરવાનાં અમારા આ પ્રયત્નમાં નજીકનાં ઉદ્યોગોનો સહકાર પ્રશંસનીય રહયો છે. ટેકનીકલ તાલીમની સાથે સાથે જીવન ઘડતર અને ચારિત્ર ઘડતરની તાલીમનાં પરીણામે ઉદ્યોગો પ્રથમ પસંદગી વિજીટીકેનાં વિદ્યાર્થીઓને આપી રહયા છે. અમારા જુદા જુદા સર્વે પ્રમાણે હાલમાં ૭૫% જેટલા વિદ્યાર્થીઓ એક યા બીજા પ્રકારની જોબ કરી રહયા છે. **આ પૈકી ૭૫ જેટલાં ભાઈઓએ પોતાનો સ્વરોજગાર પણ શરૂ કર્યો છે.**

અમારૂ આ સપનું હતું કે તાલીમાર્થીઓ ગ્રામ્યવિસ્તારમાં પોતાના નાના મોટા વર્કશોપ શરૂ કરે હજુ આ સંખ્યા ઓછી છે. અમારી નિતી સ્વતંત્ર સ્વરોજગાર શરૂ કરવા ઈચ્છતા તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરવાની જ રહી છે. શરૂઆતનાં તબક્કામાં આ સ્વરોજગાર શરૂ કરનાર તાલીમાર્થીઓને વગર વ્યાજની રૂા.૨૫૦૦૦ – ૫૦૦૦૦ સુધીની લોન આપવામાં આવે છે. શરૂઆતની તાલીમ અને ભવિષ્યનો સપોર્ટ વિજીટીકે દ્વારા આપવામાં આવે છે. **આનંદની વાત એ છે કે કેટલાક સ્વરોજગાર ધરાવતા યુવાનો વિજીટીકેનાં વિદ્યાર્થીઓને જોબ ઉપર રાખી રહયા છે.**

વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન કુલ આવા ૪ તાલીમાર્થીઓને પોતાના વકશોપ શરૂ કરવા માટે કુલ રૂા.૨,૫૨,૩૬૨ની વ્યાજ વગરની લોન આપવામાં આવી. આ તાલીમાર્થીઓના નામ નીચે પ્રમાણે છે.

(૧) વસાવા મનહરભાઈ સોમાભાઈ
બેચ નં. ૨૬ ટ્રેડઃ ઈલેકટ્રીક
ગામઃ પીપલાકંકાલા તા. ડેડીયાપાડા
ડેડીયાપાડામાં ઈલેકટ્રીક વર્કશોપ

(૨) વસાવા કાર્તિકભાઈ ભરતભાઈ
બેચ નં.૩૨ ટ્રેડઃ વેલ્ડર,
ગામઃ શીમ આમલી, તા. સાગબારા
વેલ્ડીગ વર્કશોપ

(૩) વસાવા વિક્રમભાઈ વિરસીગભાઈ
બેચ નં. ૩૩ ટ્રેડઃ વેલ્ડર ગામઃ ભાટપુર
તા. ડેડીયાડામાં વેલ્ડીગ વર્કશોપ

(૪) હેમંતભાઈ મોહનભાઈ પાડવી
બેચ નં.૩૫ ટ્રેડઃ ઓટોમેશન
ગામઃ પીપરીપાન, તાલુકોઃ સોનગઢ,
જીઃતાપી. વેલ્ડીગ અને ફેબ્રીકેશન વર્કશોપ

દુરનાં અંતરીયાળ વિસ્તારમાં આવા વર્કશોપ સ્થાનિક પ્રજાને આશીર્વાદ રૂપ બની રહ્યા છે. વળી ડેડીયાપાડા ગામમાં આવેલા વર્કશોપ એકબીજાનાં હરીફ નહી પરંતુ પૂરક બની રહ્યા છે. આમ ગ્રામ્યવિસ્તારમાં સ્વરોજગારીનું અમારૂ આ ઉત્તમ અભિયાન છે.

# એક પગલું પ્રગતિ તરફ

**નામ. વસાવા મનહરભાઈ સોમાભાઈ**
**ગામઃ પીપલા કંકાલા**
**બેચ નંઃ ૨૬ ટ્રેડઃ ઈલેકટ્રીશ્યન**

વસાવા મનહરભાઈ સોમાભાઈની છેલ્લા ૭ વર્ષથી ડેડીયાપાડામાં મનુ ઈલેકટ્રીકલ નામની દુકાન છે. જેમાં સબમર્સીબલ પંપ, પંખાનું રીવાઈન્ડીગ તથા અન્ય કામો થાય છે. તેઓને ત્યાં વિજીટીકેમાં અભ્યાસ કરેલા ડેડીયાપાડા વિસ્તારના બે જુના વિદ્યાર્થીઓને મનહરભાઈની ત્યાં નોકરી કરે છે. આ વિદ્યાર્થીઓને મનહરભાઈ પગાર ઉપરાંત આજુબાજુ ગામડાઓમાં કુવામાંથી મોટર કાઢ વાના પૈસા વધારાના આપે છે.

ઈલેકટ્રીકલ જ્ઞાનમાં ખૂબ જ હોશિયાર અને અનુભવી એવા આ મનહરભાઈ મિકેનીકલ લાઈનમાં થોડા પણ અનુભવી ન હતો.

હોમ વિઝીટ દરમ્યાન અચાનક મનહરભાઈની દુકાને જવાનું થયું. ત્યારે મનહરભાઈ સબમર્શીબલ પંપની શાફટીગ અને તેના બુશનું મશીનીગ કામ કરાવવા માટે બહાર ગયા હતાં. થોડા સમય પછી આવ્યા અને તેમને જોતા એવું લાગ્યું કે આખો દિવસ માણસ કામ કરીને થાકેલો ના આવ્યો હોય? તેવું મને લાગ્યુ. મનહરભાઈને મેં હતાશ અને ઉદાસ થયેલા મે જોયા ત્યારે મે તેને આ ઉદાસીનું કારણ પૂછયું ત્યારે મને પોતાની રજુઆત કરી કે અઠવાડીયામાં બે થી ત્રણ દિવસમાં ઘણો જ સમય મારો બુશીગના કામ માટે જતો રહે છે. મને તેની વાત પરથી એટલી તો ચોકકસ ખબર પડી કે આ વિદ્યાર્થીનો વધુ સમય જતો હશે? પછી મનુભાઈની વિનંતી સાંભળતા ખબર પડી કે આ વિદ્યાર્થીએ જે કંઈ વાત કરી તેના પરથી એટલું તો ચોકકસ ખબર પડી ગઈ કે આને ૧૦૦% મદદ કરવી જોઈએ. તેમની સાથે વાત કરતાં અમને લાગ્યું કે લેથ મશીનની ખૂબ જ જરૂરીઆત છે. અને જો આ લેથ મશીન મને મળી જાય તો મારા ગામમાં ટર્નર / મશીનીષ્ટ થયેલા એક વધુ વિદ્યાર્થીઓને મારે ત્યાં રોજગારી આપી શકું છું.

હાલમાં બે વિદ્યાર્થીઓને રોજગારી તો આપે જ છે. સાથે સાથે આ લેથ મશીન લાવવાથી અન્ય વિદ્યાર્થીને પણ રોજગારી તે આપશે એ વાત જાણીને ખૂબ જ આનંદ થયો. તેને પોતાનો ફાયદો ના જોયો પણ વધુ એક વિદ્યાર્થીને રોજગારી આપશે. આ લેથ મશીન આવવાથી મને એટલો ફાયદો થશે કે જેની તમે કલ્પના પણ નહીં કરી શકો. કારણ કે આ શાફટીગ બનાવવા તથા બુશીગ બનાવવા તેની પાછળ ઘણો જ સમય અને અલગથી વધુ રૂપિયા જાય છે.

વિજીટીકેમાં ૧૨ જાન્યુ કાર્યક્રમમાં જે જુના ભૂતપૂર્વ આવીને પોતાના પ્રગતિ તથા સ્વરોજગાર વિશે વાત કરે ત્યારે તે સાંભળીને મને ખૂબ જ આનંદ થતો હતો. આજે આ વિદ્યાર્થીને સ્વરોજગારમાં નવી મશીનરી લાવી આપવામાં અમને સર્વને આનંદ છે.

## સેવા રૂરલના કાર્યકર માટે

● દર વર્ષેની જેમ નવા કાર્યકર વર્કશોપ ભાગ–૪ અંતર્ગત નવા જોડાયેલા કાર્યકરો અન્ય સંસ્થા વિશે પણ માહિતગાર થાય, ત્યાંની કામગીરી જોઈ નવું નવું શીખે અને તેનો સંસ્થામાં અમલ કરે તે હેતુથી તા.૫ એપ્રિલ ૨૦૨૩ના રોજ શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ, ધરમપુર, જી.વલસાડની મુલાકાતે ગયા હતા. જેટલા




કાર્યકરોએ ત્યાં હોસ્પિટલની વિવિધ સેવાકીય પ્રવૃતિઓની માહિતી મેળવી. સાથે સાથે જેમના આદર્શ પર હોસ્પિટલ તથા અન્ય સેવાકીય પ્રવૃતિઓ ચાલે છે. તેવા શ્રીમદ્ રામચંદ્રજીના જીવન વિશે પણ માહિતી મેળવી ત્યાંના જૈન દેરાસર, દિવ્યાંગ બાળકો માટેની સુવિધા વગેરે જોયું.

● ૮ એપ્રિલ ૨૦૨૩ બે દિવસ બે બેચમાં ભાગ – ૧ વર્કશોપમાં ૪૧ નવા કાર્યકર સાથે કર્યો. સંસ્થાનુ વિઝન મીશન, સ્ટાફ વેલ્ફેર, હકારાત્મક વલણવિષય પર ગ્રુપચર્ચા, વિડિયોના માધ્યમથી સમજ આપી.

● સંસ્થાના કાર્યકરો બહારની દુનિયાથી પરિચીત થાય, નવા નવા સ્થળો વિશે જાણે–સમજે અને આનંદ મેળવે તે હેતુથી દર વર્ષે સાત દિવસના મોટા પ્રવાસનું આયોજન થાય છે તે અંતર્ગત આ




●વર્ષે પણ મે'૨૦૨૩માં મોટો પ્રવાસમાં કાર્યકર / પરિવારના સભ્યો મળી કુલ–૫૬ વ્યકિતઓએ નાસિક, શિરડી, શનિદેવ, ગોવા, લોનાવલા, ખંડાલા, મહાબળેશ્વરના પ્રવાસનો આનંદ માણ્યો હતો.

● કાર્યકરોમાં વિવિધ આવડતો વિકસે, પોતાને મનગમતી પ્રવૃતિઓમાં વધુને વધુ નિપુણતા



પ્રાપ્ત થાય અને આનંદની સાથો સાથ પરિવાર ભાવના વિકસે તે હેતુથી ૩'જુન ૨૩ ના રોજ આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૧ જેટલા વિવિધ વાનગીઓના સ્ટોલ કાર્યકર / પરિવાર દ્વારા ઉભા કરાયા હતા. આનંદમેળામાં કાર્યકર / પરિવાર તથા લાભાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા અને વિવિધ વાનગીઓનો ચટાકેદાર સ્વાદ માણ્યો હતો.



- "સંસ્કાર સિંચન" વર્કશોપ સંસ્થામાં કામ કરતા દરેક કાર્યકરો સંસ્થાના વિઝન, મિશન પ્રત્યે વધુને વધુ સમર્પિત બને, એકબીજાના કાર્યો થકી પ્રેરણા મેળવીને કામ કરતા થાય તથા પોતાના અંગત જીવનમાં વધુ પ્રગતિ સાંધે તે હેતુથી દર વર્ષે આ વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. જેમાં કુલ આઠ અલગ– અલગ ગ્રુપમાં સૌ કાર્યકરોને જોડવામાં આવ્યા. વર્કશોપ દરમ્યાન વિવિધ વિડીયો, ગ્રુપ પ્રવૃતિ, પ્રેઝન્ટેશન, ચર્ચા, પ્રતિભાવોની આપ લે કરી સૌ આનંદપૂર્વક વર્કશોપમાં જોડાયા હતા. કુલ ૩૦૮ કાર્યકરો ભાગીદાર બન્યા હતા. બે વર્કશોપ રાત્રી રોકાણ અને ૬ વર્કશોપ એક દિવસના રાખવામાં આવ્યા હતા. ખાસ આ વર્ષે કાર્યકરોને રાત્રી રોકાણ અથવા તો એક દિવસ વર્કશોપમાં જોડાવાની પસંદગી આપવામાં આવી હતી. જેમાં ૮૦ જેટલા કાર્યકરોએ રાત્રી રોકાણ કર્યું હતું. તેમના માટે બીજા દિવસે સવારે યોગાનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. વર્કશોપના અંતમાં સંસ્થાના વડા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. અને હવે પછીના વર્કશોપ માટે સુચન – ફેરફાર મેળવવામાં આવ્યા.

◆◆◆

## *શારદા મહિલા વિકાસ સોસાયટી

### વહીવટ અને સંચાલન

- આ ત્રણ માસ દરમ્યાન કોરગૃપની છ મિટીંગો થઈ જેમાં દર મહિને નિયમિત રીતે થતી વિભાગીય મિટીંગો અને શિબીર વિ. ની તારીખ નકકી કરી. ગ્રામ્ય સ્તરે ચાલુ તાલીમ કેન્દ્રના ફીડબેક તેમજ નવા તાલીમ વર્ગોના આયોજનની ચર્ચા કરી. ઓડિટના મુદ્દા, વાર્ષિક રિપોર્ટ તેમજ કાર્યકરોના ઓર્ડર રિન્યુ વિગેરે ની વાત કરી.
- કારોબારી ની બે મિટીંગો થઈ જેમાં મહિલા જાગૃતિ કાર્યક્રમો અને શિબિરોનું વાર્ષિક આયોજન કર્યુ. શા.મ.વિ.સો. ની બધી જ પ્રવૃતિઓનું વાર્ષિક પ્રેઝનટેશન કર્યુ.

### મહિલા જાગૃતિ શિબીર

- ગત વર્ષે નેહાબહેન પરીખે 'બાળઉછેર'ની અલગ અલગ અવસ્થા વિષય પર ગૃપ પાડી સરસ ચર્ચા કરાવી હતી. તા.૨૯ એપ્રિલ ૨૦૨૩ના રોજ ફરીથી આ વિષયની વધારે સારી રીતે ચર્ચા કરી એની અગત્યતા સમજાવી જેમકે, સંસ્કારો માટે કોઈ યુનિવર્સીટીની જરૂર હોતી નથી... અનુભવ અને નિરીક્ષણ એ જ ઘણુ બધું શીખવી જાય છે. આપણે જ રોલ મોડલ બનવાનું છે.
- તા.૨૪ મે'૨૦૨૪ના રોજ ગાયત્રીબેન પટેલે સાચા આનંદની પરિભાષા' વિષય પર વિડીયો કિલપ અને પ્રવૃતિ દ્વારા બહેનો સાથે ચર્ચા કરી. બહેનોએ આ પ્રવૃતિમાં ઉત્સાહભેર રસ લઈ પોતાના પ્રતિભાવો રજુ કર્યા.

### વાર્ષિક સાધારણ સભા

- તા.૧૭ જુન ૨૦૨૩ ના રોજ શારદા મહિલા વિકાસ સોસાયટીની સાધારણ સભા ૩ થી

- ૫:૩૦ કરવામાં આવી. જેમાં સહયોગી બહેનો, સ્ટાફ, કારોબારી સભ્યો, નિયામક(ટ્રસ્ટીઓ) વગેરે ૮૦ જેટલા સભ્યો જોડાયા. સંસ્થાના અને પરિવારના સારા–નરસા પ્રસંગોની વાતચીત થઈ. દિવ્યાબેન હર્ષદભાઈ પટેલની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી. વર્ષ ૨૦૨૨–૨૩ના વર્ષના હિસાબોની રજૂઆત કરવામાં આવી. ગારમેન્ટ અને નાસ્તાની કામગીરી કેવી રીતે કરી રહયા છે. જેની વિગતવાર બહેનોને વાત કરવામાં આવી. નફો થવાના કારણોની પણ વાત કરવામાં આવી. સારી કામગીરી તથા પ્રશ્નો મુશ્કેલી તથા અન્ય એજયુકેશન અવેરનેશ કામગીરી થઈ રહી છે. જેની જાણકારી આપી. વર્ષ દરમ્યાન ૧ થી ૧૦ નંબરની કામગીરી જે સહયોગી બહેનોએ કરી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા. જેમાં પ્રથમ નંબરની ગીફટ શીલ્પાબેન રૂપેશભાઈ બલસારીને આપવામાં આવી. ૨ આરામદાયક ખુરશી અને નાનુ ટીફીન બોક્ષ આપ્યું. તે સિવાય ૫૧ બહેનોને ગીફટ પાણીના જગ અથવા કુકર આપ્યા. આ વર્ષે ગીફટ રૂા.૭૦૦ અને પ્રવાસ પેટે રૂા.૧૫૦૦ની ફાળવણી કરવામાં આવી.

## ટયુટોરિયલ વિભાગ

- દર વર્ષની જેમ આ વર્ષના અંતમાં વાલી મિટીંગ રાખી. જેમાં વાલીઓ સાથે વર્ષ દરમ્યાન થયેલ પ્રશ્ન અને મુશ્કેલીઓ શિક્ષકોએ નાટક દ્વારા સમજાવ્યું અને નાટક પરથી વાલીઓની પાસે ચર્ચા કરાવી જાગૃતિબેને વાલીઓને વાત્સલ્યધામ અંગે માહિતી આપી. જેમાં જે બાળકના માતા અથવા પિતા બે માંથી કોઈ એક ન હોય તેવા બાળકને ત્યાં મુકી શકાય એ માહિતી આપી.
- ત્યારબાદ ટયુટોરિયલ વિભાગમાં વર્ષ દરમ્યાન જે પ્રવૃતિઓ તહેવારોની ઉજવણી કરવામાં આવે છે તેની માહિતી આપી. તેમજ અહીં આવતા બાળકોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવે છે જયારે પણ બાળક બિમાર થાય ત્યારે તેની મફત સારવાર કરવામાં આવે છે. તેની માહિતી આપી.
- દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ પ્રવૃતિઓમાં વિજેતા તેમજ નિયમિત આવનાર બાળક અને જેમનો પરિક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય નંબર આવ્યો તેમને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા. આ વાલી મિટીંગમાં ૯૦% વાલીઓ હાજરી આપી.
- નવા સત્રની શરૂઆતમાં વાલીઓને વ્યકિતગત મળી શકાય અને ટયુટોરિયલમાં આવતા બાળકોની માહિતી મેળવી શકાય તે હેતુથી ઝઘડિયા ગામમાં મે અને જૂન માસમાં ફળિયાઓમાં ધો. ૧ થી ૯ માં ભણતાં કુલ ૨૪૦ બાળકોની વિઝીટ કરી. જેમાં ૧૮૧ વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવ્યા.
- તા. ૫ જૂન'૨૦૨૩ થી ટયુટોરિયલના નવા સત્રની શરૂઆત થઈ.

## મોબાઈલ પ્રવૃતિ હરતી ફરતી શાળા

- અભ્યાસકીય પ્રવૃતિની સાથે વિવિધ પ્રવૃતિ પણ કરાવીએ છીએ. તેના ભાગરૂપે તા. ૧૧ મે' ૨૦૨૩થી તા.૨૩ મે'૨૦૨૩ સુધી મોબાઈલ પ્રવૃતિના જુદાં જુદાં ગામોમાં ગ્રામ્ય શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના ફળિયામાં બાળકોને ભેગાં કરી પ્રાર્થના, મોટીવેશનલ વાર્તા અને વિડીયો કલીપ તેમજ અભિનય સાથે બાળગીત સર્જનાત્મક પ્રવૃતિઓ અને રમતો વગેરે કરાવી. જેમાં બાળકોને ખૂબ મજા પડી.

## કલરવ પ્રવૃતિ

- સંસ્થામાં કામ કરતાં કાર્યકરના બાળકો સાથે તા.૨ મે'૨૦૨૩થી તા.૬ મે'૨૦૨૩ સુધી કલરવ અને ટ્યુટોરિયલ બાળકોની ગ્રીષ્મ શિબીર કરી. જેમાં બાળકોની કોકીલાબેન પંડયાએ વાર્તા, નાટક એકાગ્રતાની રમતો અભિનય ગીતોથી બાળકોને મજા કરાવી. બાળકો રમતા રમતા વિજ્ઞાનનાં પ્રયોગો શીખે એ હેતુથી આર્ચ ધરમપુરથી કૌશિકભાઈ અને તેમની ટીમે બાળકોને બે દિવસ વિવિધ પ્રયોગો શીખવ્યાં. ત્યારબાદ બાળકોને કાંટીદરા કાંતિભાઈ કલોલાને ત્યાં સ્વયંપાક તેમજ ખેતરમાં આવેલ આંબા વાડીમાં લઈ ગયાં અને ત્યાં આંબા પર ચઢવાની તેમજ બોરવેલના પાણીમાં નાહવાની ખૂબ મજા પડી.

## ગારમેન્ટ વિભાગ :

- આ ત્રણ માસ દરમ્યાન ૫૧ બહેનોએ સિલાઈકામ કરી કમાણી મેળવેલ છે.
- નવા વર્ષે બધી જ બહેનોને અલગ અલગ પ્રકારની તાલીમ આપવી પેન્ટ, એમ્બ્રોઈડરી, ગાજ, બટન વિગેરે.

## શિવણ તાલીમ વર્ગો :

- બેચ નં.૩૯–૪૦ શીવણ તાલીમ વર્ગો તા.૩૧ જુલાઈ ૨૩ના રોજ પુરી થશે. જેમાં ૪૩ બહેનોએ તાલીમ લીધી. જેઓને હાઈસ્પીડ મશીનની તાલીમ પણ આપવામાં આવી.

## બ્યુટી પાર્લર:

- તા.૧ એપ્રિલ ૨૦૨૩ થી બ્યુટી પાર્લરની ૭ મી બેચ શરૂ કરી. જેમાં ૨૨ બહેનોની પસંદગી કરી હતી. બે બહેનો ડ્રોપ આઉટ થતાં ૨૦ બહેનો તાલીમ લઈ રહી છે.
- બ્યુટી પાર્લરની તાલીમાર્થી બહેનોને સ્વરક્ષણની તાલીમ તેમજ સ્વવિકાસની પ્રવૃતિ કરાવી. આ બહેનોનું હેલ્થ ચેકઅપ પણ કરાવ્યું અને જરૂરીયાત પ્રમાણે સારવાર આપવામાં આવી.

## ગ્રામ્ય સ્તરે તાલીમ વર્ગો:

- તા.૧૫ મે ૨૦૨૩ના રોજ અમલઝર ગામે શીવણ તેમજ બ્યુટી પાર્લરની તાલીમની પ્રથમ બેચ પુરી થઈ કુલ ૩૫ બહેનોએ આ તાલીમ પુરી કરી. તાલીમના અંતે ગુજરાત કેમીકલ પોર્ટ લી. માંથી શ્રી કપિલભાઈના હસ્તે બ્યુટી પાર્લરની બહેનોને કીટ અને શીવણની બહેનોને મશીનો આપવામાં આવ્યા.
- તા.૧૬ મે ૨૦૨૩ના રોજ અમલઝર ગામમાં જ શીવણ તેમજ બ્યુટી પાર્લરની બીજી બેચની શરૂઆત થઈ. જેમાં રંજનબહેન વસાવા બ્યુટી પાર્લરની ૧૬ બહેનો અને અર્ચનાબહેન વસાવા શીવણ તાલીમની ૧૮ બહેનોને તાલીમ આપી રહી છે.
- તા.૮ જૂન ૨૦૨૩ના રોજ જાંબોઈ ગામમાં પણ પ્રથમ બેચની શરૂઆત કરી. જેમાં શીવણમાં ૧૭ અને બ્યુટી પાર્લરમાં ૧૫ બહેનો તાલીમ લઈ રહયા છે. જાંબોઈ ગામમા શીલ્પાબેન હાલમાં બંને વર્ગોમાં તાલીમ આપી રહયા છે.
- ગ્રામ્ય સ્તરના તાલીમ વર્ગોમાં પણ નિયમીત પ્રાર્થના સદવાંચન થાય છે. આ બહેનોને પણ સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે છે. તેમજ શા.મ.વિ.સો.માં ઉજવાતા કાર્યક્રમોમાં પણ આ બહેનો ભાગ લે છે. દા.ત. ૮ મી માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિન મા શારદા જન્મજયંતિ વિ...

# મિત્રોની નજરે

**સંસ્કાર સિંચન – મારો અનુભવ**

નફા માટે કામ કરતી ભારત સરકારની નવરત્ન કંપનીમાં લાંબી નોકરી પછી સ્વેચ્છાએ નિવૃત્તિ લીધા બાદ જયારે 'નમન' (માનવ સંસાધનના સંચાલન બાબતોની કન્સલ્ટીગ સંસ્થા)માં ખાસ કોઈ નિપુણતા વગર ફકત ધોળા વાળ અને થોડી સૂઝ લઈને જોડાયો ત્યારે એવો કોઈ ખ્યાલ ન હતો કે શીખવાનું કેટલું બધું બાકી હતું. શીખવાની શરૂઆત નમન સાથે જોડાયેલા યુવાન એચ આર નિષ્ણાંતો પાસેથી થઈ. લગભગ દશેક વર્ષ થયાં હશે, નમન અને સેવા રૂરલ બંનેના એક શુભચિંતકે મને સેવા રૂરલ સાથે જોડાવાનો મોકો આપ્યો.

સેવા રૂરલના સંચાલક મંડળના સભ્યોને પહેલીવાર મળ્યો ત્યારે થોડો નર્વસ પણ હતો. ૩૦ વર્ષથી સફળતાપૂર્વક પોતાના મિશનને કેન્દ્રમાં રાખીને પ્રગતિના સોપાનો સર કરતી સંસ્થાને એચ આર નો અર્ધો નિષ્ણાંત શું મદદ કરી શકે ? ઘણી ગડમથલ પછી એવા નિષ્કર્ષ ઉપર પહોંચ્યા કે બદલાતા સમાજમાં, બદલાતી ઔદ્યોગિક અને આર્થિક પરિસ્થિતિમાં સેવા રૂરલ સામેનો પડકાર સ્થાપક વડીલોએ આપેલા સંસ્કાર વારસાને સંસ્થામાં સાચવવાનો અને બને તેટલો દ્રઢ કરવાનો છે.

સંસ્થાએ લગભગ ૮–૧૦ વર્ષ પહેલાં એક પહેલ કરી એવો નિર્ણય લીધો કે વર્ષમાં એકવાર સંસ્થાના બધા જ કાર્યકરોને સાથે રાખી એક એવી કાર્યશાળાનું આયોજન કરવું જેથી સંસ્થાના સંસ્કારોનું જતન અને નવા કાર્યકરોમાં સિંચનની પ્રક્રિયા શરૂ થાય.

એચ આરના નિષ્ણાંત કન્સલ્ટન્ટ પાસેથી એવું સમજયો હતો કે આ પ્રોગ્રામ સંસ્થાના કલ્ચરને લગતો હોય એની સંરચના કોઈ નિષ્ણાંત જ કરી શકે. પરંતુ સંસ્થાના સંસ્કારો કોઈ બહારની વ્યકિત આવીને ન જ સીંચી શકે એ હકીકતથી વાકેફ સંસ્થાની ટીમે જયારે પહેલા વર્કશોપની સંરચના કરી અને સંચાલન કર્યું ત્યારથી, દર વર્ષે વર્કશોપમાં એક વખત તો આવવું જ એવું નકકી કર્યું.

મેં જોયું છે કે પ્રોગ્રામની સંરચના અને સંચાલન ઉત્તરોત્તર વધુ સારા થતાં જાય છે. આ વર્ષે પણ વર્કશોપની સંરચના અંગેની મિટીંગમાં ભાગ લેવાનો મોકો મળ્યો હતો અને એક દિવસ તો આવવું જ તેવું મનોમન નકકી કર્યું હતું.

ઉંમરની અસર કે મૂળથી જ પ્રતિકુળ વાતાવરણની બીક, જે હોય તે પણ ચોમાસામાં મુસાફરી કરવાનું ટાળવાનાં કારણો હું શોધતો હોઉં છું. પણ વડોદરાથી ગુમાનદેવની આ મુસાફરી ટાળી શકાય તેમ ન હતી. ભલે વરસાદ પડતો. સેવા રૂરલના કાર્યકરો સાથે વાર્ષિક સંસ્કાર સિંચન કાર્યશાળામાં ભાગ લેવાનો સોનેરી મોકો ગુમાવવો પોસાય તેમ ન હતો. ૨૭ જુન' ૨૦૨૩નાં રોજની કાર્યશાળામાં મેં ભાગ લીધો. તે દિવસે લગભગ ૪૦ કાર્યકરોની હાજરી હતી. મુ. મયંકભાઈ, જાગૃતિબહેન, જૈમીતભાઈ અને ગાયત્રીબહેન શાળાનાં સંચાલકો હતાં. કાર્યક્રમની શરૂઆત 'જીવન અંજલી થાજો' એ પ્રાર્થનાથી થઈ. બધાંએ એક સૂરે અને એક લયે ભાવવાહી એકાગ્રતા સાથે પ્રાર્થના કરી. પહેલીવાર અનુભવ કરનારને પણ જણાય આવે કે પ્રાર્થના એ ઔપચારિકતા ન હતી. ગરીબોની સેવા કરવાની કટિબધ્ધતા અને એ બાબતે પ્રભુને કરાય રહેલી આજીજી થઈ હતી.

શાળામાં અભ્યાસ માટે આવેલાં સહુ જુદા જુદા વિભાગોમાંથી હતા. ઘણા કાર્યકરો નવા હતા. પ્રાર્થના પછીની બીજી પ્રવૃતિ ગમ્મત સાથે કાર્યકરોની ઓળખાણ કરાવી ગઈ. નાના ગ્રુપમાં કાર્યકરોએ પોતાની ઓળખની આપ લે કરી. ફકત નામ, ગામ, વિભાગ અને કામ જ નહી, બધાંએ પોતાને યાદગાર સુખદ પ્રસંગ અને પોતાના

પ્રેરણાસ્ત્રોત વિશે પણ માહિતી આપી. એવું પણ કહેવાયું કે જેમણે આપણને પ્રેરણા આપી છે તેઓને તે બદલ આભાર પ્રકટ કરતાં રહેજો. કુટુંબ ભાવનાના સંસ્કારોનું નિરૂપણ થતાં હું જોઈ રહયો.

મને વ્યવસાયમાં જોડાયાને લગભગ ૫૫ વર્ષ થયાં છે. ઘણાં સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે જોડાવવાનો અનુભવ પણ મળ્યો. આટલા વર્ષોમાં મેં એક સંસ્થાને જોઈ નથી જયાં દરેક પૂર્વ આયોજીત મિટીંગ કે કાર્યક્રમની શરૂઆત વાંચન અને ચિંતનથી થતી હોય. ગાયત્રીબહેને ધીરે ધીરે સહુને સમજાય છે તેવી ખાતરી કરતાં કરતાં એક પ્રસંગકથા વાંચી. કાર્યશાળામાં ભાગ લેવા આવેલાંઓનું શૈક્ષણિક સ્તર જોઈએ તો એક છેડે ડોકટરો અને પેરામેડીકલ સ્ટાફ હતા તો બીજે છેડે લખતાં વાંચતા ન આવડતું હોય તેવા કાર્યકરો પણ હતા. વાંચન એટલું સહજતાથી થયું કે બધાંને કથાનો અર્થ અને સંદર્ભ સમજાયો.

પ્રસંગ કથા બહુ સહજ રીતે જોઈ શકાય તેવી, પ્રમાણિકતા બાબત હતી. પ્રસંગ એવો હતો જે કાર્યકરો સરળતાથી રોજિંદા કામની સાથે સાંકળી શકે. સહુએ ચર્ચા કરી રોજિંદા કામમાં અજાણે ઉભા થઈ શકે તેવા સંજોગો, જે અપ્રમાણિકતા તરફ ખેંચી જઈ શકે, તેનું લીસ્ટ બનાવ્યું. ત્યારબાદ આવા વર્તન પાછળનાં લાલચ જેવાં કારણોની ચર્ચા કરી. અને પ્રસંગકથાના આધારે એવાં પગલાંની જાણકારી ભેગી કરી કે જેથી કારણો ઉપર સંયમ કેળવી શકાય.

પ્રમાણિકતા જેવા સેવા રૂરલના મૂળભુત સંસ્કારોની ઝીણવટભરી સમજ કાર્યકરો સાથે ચર્ચાથી મળી. ચર્ચામાં કાર્યકરોએ કોઈપણ પ્રકારના ક્ષોભ વગર સક્રિય ભાગ લીધો એ સંસ્થામાં વિચારોની મુકત આપ લે થઈ શકે છે તેમ દર્શાવે છે. શાળાના સંચાલકો દરેક કાર્યકરને નામથી બોલાવી ચર્ચામાં ભાગીદાર કરતા હતા તે સંસ્થામાંની કુટુંબ ભાવનાનો દાખલો હતો.

સંસ્થાનાં મિશન, મૂલ્યો અને સિધ્ધાંતોનાં કેન્દ્રમાં ગરીબ લાભાર્થીઓને અને કાર્યકરો છે. લાભાર્થીઓનો સંતોષકારક અનુભવ સંસ્થા માટે મહત્વનો માપદંડ છે. કાર્યશાળાની એક સેશન લાભાર્થી કેન્દ્રિત સેવાઓ અને લાભાર્થીઓના અનુભવો વિશે ચર્ચા કરી કાર્યકરોનું ધ્યાન દોરવાનો હતો. કાર્યશાળામાં સામેલ કાર્યકરોએ સંસ્થાના લાભાર્થીઓના ૬ પ્રકાર નોંધ્યા અને ૬ સબ ગ્રુપમાં સહુ વહેચાઈ ગયાં. દરેક ગ્રુપને જણાવ્યું કે તેઓ તેમને સોંપાયેલા પ્રકારના લાભાર્થીઓની સંસ્થા પ્રત્યેની અપેક્ષાઓ અને અનુભવો અને તે અનુભવોને વધુ સુખદ અને લાંબા વખત સુધી યાદગાર કઈ રીતે બનાવી શકાય તે અંગે ચર્ચા કરી સૂચનો કરે.

હું પણ એક ગ્રુપ સાથે જોડાયો. બીજા ૫ કાર્યકરો જુદાં જુદાં વિભાગના હતા. મને આશ્ચર્ય ત્યારે થયું જયારે ગ્રુપના એક સદસ્યે પોતાના વર્તનમાં સુધારો કરી લાભાર્થીઓના અનુભવને વધુ સુખદ કરી શકાય એવી રજૂઆત કરી. બધા ગ્રુપે પોતાના સુચનો વારાફરતી રજુ કર્યા. વાણી અને વર્તન ઉપર સહુએ ભાર મુકયો. ઘણા સુચનો નવાં પણ હતા. સંસ્થામાં દરેક કાર્યકરને પોતાના અભિપ્રાયો વ્યકત કરવાની તક મળતી હોવાનો એક દાખલો જોયો. બીજી એક બાબત એ પણ હતી કે સામાન્ય સુચનને પણ બધાએ ધ્યાનપૂર્વક સાંભળી અને માનથી નોંધ લીધી. સુચનોને જે તે વિભાગ સુધી પહોંચાડી તેના ઉપર જરૂરી પગલાં લેવાશે તેવી જાહેરાતે કાર્યકરોના જુસ્સાને બળ આપ્યું હશે.

ભોજનના વિરામ પછી પ્રવૃતિઓનો ઉદ્દેશ્ય બદલાયો. જયારે વિરામ પહેલાં સહુએ સંસ્થા, સંસ્થાના સંસ્કારો અને લાભાર્થીઓ વિશે ચર્ચા કરી તો વિરામ પછી કાર્યશાળાનું કેન્દ્ર કાર્યકરોનાં સ્વવિકાસ ઉપર કેન્દ્રિત જણાય.

પહેલી પ્રવૃતિ ગમ્મત સાથે ગંભીર બાબતોને સ્પર્શી

સતાવી રહેલાં દુઃખનું લીસ્ટ કર્યું અને અન્યના દુઃખની માહિતી મેળવી. માહિતીની આ આપ લે બાદ ચર્ચા દ્વારા એવું તારવ્યું કે દુઃખ સહુને હોય છે. વ્યકિત એકલો જ દુઃખી નથી હોતો. દુઃખથી નાસીપાસ થવા કરતાં એકબીજાને સહારો આપવાથી દુઃખમાં ઘટાડો થઈ શકે. સંદેશ બહુ જ ચોખ્ખો હતો. વહેચાવાથી દુઃખ ઘટે છે.

ત્યારબાદ સહુએ પોતાના સુખનું લીસ્ટ બનાવ્યું અને અન્યના સુખ વિશે માહિતીની આપ લે થઈ અને સહુ એવું સમજયા કે સુખ માટેની અપેક્ષાનો કોઈ અંત નથી. જરૂરી એ છે કે આપણે સુખમાં સહુને ભાગીદાર કરીએ, ... જેટલું મળ્યું છે તેટલાથી સંતોષ માનીએ અને આપણને મળેલા સુખ માટે પ્રભુનો પાડ માનીએ.

એટલી સહજતાથી એટલા ગુઢ વિષયને કાર્યકરો સાથે ચર્ચવો એ અસામાન્ય સિધ્ધિ છે. અપેક્ષા, સંતોષ અને આભાર જેવી લાગણીઓને વિશે કાર્યકર્તાઓને વિચાર કરતાં કરવા એ મારા માટે કાર્યશાળાની સિધ્ધિ કહેવાય. આ પ્રવૃતિ દ્વારા દુઃખ વહેચાવાથી ઘટે છે અને સુખ વહેચાવાથી વધે છે એવા નિષ્કર્ષ ઉપર પહોંચી, કાર્યકરોને કુટુંબ ભાવના વિશે વિચાર કરવા પણ પ્રેર્યા. મયંકભાઈ, શોભાબેન, જાગૃતિબેન, જૈમિતભાઈ અને ગાયત્રીબેનને અભિનંદન.

છેલ્લા સેશનનું સંચાલન, પુરી રીતે સ્વને કેન્દ્રમાં રાખી શ્રેયભાઈએ કર્યું. સેશનનો ઉદ્દેશ્ય સ્વને વિશે અંતર ખોજ કરી જાગૃત થવાનો હતો. કાર્યશાળામાં ભાગ લઈ રહેલાં કાર્યકરોને અંતર્મુખ થઈ એવી દિશામાં લઈ જવાયાં જયાંથી તેઓ અબાધિત કલ્પના કરી શકે. ધ્યાનાવસ્થા કહું તો તે અતિશયોકિત નહિ થાય. આશ્ચર્યની વાત તો એ હતી કે મોટા ભાગના કાર્યકરો ૨૫ વર્ષથી નાની ઉંમરના લાગ્યા. એટલી નાની ઉંમરે ચંચળતા સામાન્ય લક્ષણ છે. ત્યારે આ કાર્યકરોએ અદ્‌ભૂત પરિપકવતાના દર્શન કરાવ્યા.

શ્રેયભાઈએ તેમને એક એવી સ્થિતીની કલ્પના કરવાની કહી જે સ્થિતિને મારા જેટલી મોટી ઉંમર વાળા  પણ કલ્પના કરવાનું ટાળે. ધ્યાનસ્થ અવસ્થામાં બધાએ પોતાના મૃત્યુ પછીની સભાની કલ્પના કરી અને શ્રધ્ધાંજલી રૂપે આપ્તજનો શું કહે તો પોતાને ગમશે અને હકીકતે શું કહેશે તેની નોંધ કરી. આ પ્રવૃતિએ કાર્યકરોને અંતર્મુખ થઈ પોતાનું જ મૂલ્યાંકન  કરવાનો માર્ગ બતાવ્યો. સહુ એ નિખાલસતાથી પોતાનું મૂલ્યાંકન કર્યું અને તે દ્વારા પોતાના આચાર, વિચાર, વાણી અને વર્તનમાં જરૂરી ફેરફારોની નોંધ લીધી.

વડોદરા તરફને રસ્તે હું વિચારતો હતો કે આ કાર્યશાળામાં કાર્યકરો કરતાં વધારે હું શીખ્યો હતો. સંસ્થાને કુટુંબ બનાવવા માટે જરૂરી કલ્ચરને દ્રઢ બનાવતા પરિબળોમાં નિખાલસતા પૂર્વક વિચારોની આપ લે, દરેકને અપાતો આદર, અન્યના વિચારોની સાંભળવાની તૈયારી, કાર્યકરોના સુખ દુઃખમાં અપાતો સહિયારો ઉડીને આંખે વળગતા મેં અનુભવ્યા.

મને ઓળખાણની પ્રવૃતિમાં મારો સુખદ પ્રસંગ અને મારા પ્રેરણસ્ત્રોત અંગે મે આપેલી માહિતી યાદ આવી. મેં કહયું હતું કે તે દરેક દિવસ જયારે હું ઝઘડિયા આવું છું તે મારા માટે સહુથી સુખદ દિવસ હોય છે. ત્યારે હું પ્રભુના પોતાના સંતાનોને મળું છું અને નમ્રતા, આદર અને મુકત હાસ્યના સુખનો આનંદ લઉં છું. અને મારા પ્રેરણાસ્ત્રોત આવી સંસ્થાના કાર્યકરો છે જે મને નમ્રતા અને અન્યના વિચારોને સાંભળવાની પ્રેરણા આપે છે. આવી પ્રેરણા મારી ઉંમરે અત્યંત જરૂરી છે.

અતુલભાઈ માંકડ

## સંશોધનની એરણેથી

**ગંભીર એનીમિયાની સારવાર માટે સંશોધન :**

ભારત દેશમાં ૫૦%થી વધુ સગર્ભા સ્ત્રીઓમાં એનીમિયા (લોહીની ઉણપ)ની સમસ્યા જોવા મળે છે. ગંભીર એનીમિયા (લોહીનું પ્રમાણ ૭%થી ઓછું) સગર્ભા સ્ત્રીઓમાં વધુ જોખમી અને મૃત્યુ થવાનું એક મહત્વ પૂર્ણ કારણ છે. એનીમિયાના સારવાર માટે વિવિધ પ્રકારના સરકારી કાર્યક્રમ ચાલે છે. અત્યારે ગંભીર એનીમિયાની સારવાર માટે લોહ અને સુક્રોઝનું ૨૦૦ મીલીગ્રામનું ઈન્જેકશન ૪ થી ૫ વાર આપવામાં આવે છે ઈન્જેકશનથી આડ અસર પણ જોવા મળે છે. આડઅસર થવાના કારણે દર્દીઓમાં આ સારવાર પૂરી કરવા માટેનું પ્રમાણ બહું જ ઓછું જોવા મળ્યું છે. માટે બહેનોમાં ગંભીર એનીમિયા માટે વધુ સારા ઉપચારની જરૂર છે.

ફેરીક કાર્બોક્સી માલ્ટોઝ (FCM) ઈન્જેકશન ગંભીર એનીમિયાની સારવાર કરવા માટે વિકસાવવામાં આવી છે. આ ઈન્જેકશન દ્વારા મોટી માત્રામાં આયર્નનો ડોઝ નસમાં (IV) આપવામાં આવે છે. FCM ઈન્જેકશન માત્ર એક અથવા બે વાર આપવામાં આવે છે. ભારત બહારના ઘણા અભ્યાસો દર્શાવે છે કે સગર્ભાવસ્થામાં ગંભીર એનીમિયા માટે FCM ઈન્જેકશન વધુ અસરકારક, દેખરેખ–નિયંત્રણ કરવા માટે સરળ અને સલામત છે. પરંતુ ભારતમાં આ વિશે સંશોધન થયું નથી.

માટે, આપણા આદિવાસી વિસ્તારોમાં લોહીની ઉણપ ધરાવતી સગર્ભા સ્ત્રીઓને ફેરીક કાર્બોક્સી માલ્ટોઝ (FCM) ઈન્જેકશન આપવાથી સારવારની અસરકારકતા અને સલામતીનું મૂલ્યાંકન જોવા માટેનું સંશોધન સેવા રૂરલ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સંશોધન કરવા માટે સેવા રૂરલ હોસ્પિટલમાં એપ્રિલ ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯માં સગર્ભાવસ્થા દરમ્યાન સારવાર કરાવવા માટે આવેલ બધા સગર્ભા બહેનોને શામિલ કરવામાં આવ્યા. આ સમયગાળામાં આવેલ દરેક સગર્ભા બહેનોની હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી જેમાંથી જે સગર્ભાબહેનોનું લોહી(હિમોગ્લોબીન)નું પ્રમાણ ૪ થી ૭% ના વચ્ચે હતું

અને ઉંમર ૧૮ થી વધુ અને સગર્ભાવસ્થાના ૧૩ થી ૨૬ અઠવાડિયાઓની વચ્ચે હતું અને જેઓ સેવા રૂરલ હોસ્પિટલમાં ડિલીવરી કરાવવા માટે તૈયાર હતાં એવા બહેનોને આ સંશોધનમાં શામિલ કરવામાં આવ્યા. આ સંશોધન માટે ૧૦૦ જેટલા બહેનોની પસંદગી કરવામાં આવી અને તેમાંથી ૭૨ જેટલા બહેનોનો સર્વે સમયસર અને નકકી કર્યા પ્રમાણે પૂરો કરવામાં આવ્યો.

આ સંશોધન દરમ્યાન બધા સહભાગી સગર્ભાબહેનોનું નોંધણી સમયે ૧૦૦૦ મિલીગ્રામ IV કાર્બોક્સી માલ્ટોઝ (FCM) ઈન્જેકશન આપવામાં આવ્યું. અને સાથે વિટામીન B૧૨ ફોલિક એસીડનું ઈન્જેકશન ૫ દિવસ માટે આપવામાં આવ્યું.

જે સગર્ભાબહેનોને આ ઈન્જેકશન આપવામાં આવ્યું હતું તે દરેક બહેનોનું ઈન્જેકશન આપ્યાના ૬ અઠવાડિયા પછી અને ડિલીવરી સમયે લોહીનું ફરીથી તપાસ કરવામાં આવી. તપાસ કર્યા બાદ

લોહીના રીપોર્ટમાં જોતા જોવા મળ્યું કે જે **સગર્ભાબહેનોએ નકકી કરેલ સારવાર લીધી એ સગર્ભાબહેનોમાં લોહીનું પ્રમાણ સરેરાંશ ૨.૯ % g/dl વધારો જોવા મળ્યો હતો અને ડિલીવરી સમયે કોઈ પણ સ્ત્રીઓને લોહી ચઢાવવાની જરૂરત પડી નથી. બધા જ બહેનોને ગંભીર એનીમિયામાંથી મુકિત મળી હતી.** જે નોંધપાત્ર છે. આમ FCMને લીધે લોહતત્વમાં મોટો વધારો જોવા મળ્યો. કોઈ ગંભીર આડઅસર જોવા મળી ન હતી. આ સંશોધન દ્વારા આપણને એ જાણવા મળ્યું કે FCM ઈન્જેકશન, વિટામીન બી–૧૨ અને ફોલિક એસીડના ઈન્જેકશન ગંભીર એનીમિયાના સારવાર માટે અસરકારક અને સલામત છે.

આ સંશોધન ઈન્ડિયન જનરલ ઓફ કમ્યુનીટી મેડીસીનમાં આ વર્ષે પ્રકાશિત થયું હતું. સેવા રૂરલમાં સગર્ભાબહેનો અને અન્ય દર્દીઓમાં ગંભીર એનીમિયાની સારવાર માટે FCM નો ઉપયોગ કરવામાં આવી રહયો છે. તેનો દર્દીઓને ખૂબ ફાયદો થઈ રહયો છે. FCMની કિંમત હાલમાં રૂા.૧૫૪૫ છે. FCM આપવાના લીધે બહેનોમાં લોહીના બાટલા ચઢાવવાની ઓછી જરૂર પડે છે. ભારત સરકારમાં એનીમિયા કાર્યક્રમમાં પણ FCMનો ઉમેરો થોડા સમય પહેલાં કરવામાં આવ્યો હતો.

◆

## અમે કયાં ચુકયાં ?

કોરોનાકાળ દરમ્યાન હોસ્પિટલમાં આવતા દર્દીઓ વચ્ચે ડીસ્ટન્સ જળવાઈ રહે તેથી સાવચેતીનાં ભાગ રૂપે તા.૨૧ સપ્ટે.'૨૦ થી ઓ.પી.ડી. વિભાગમાં સમયનો ફેરફાર કરવામાં આવ્યો હતો જેમાં MO, ફીજીશ્યન, ANC OPD સવારે ૮ થી ૧ અને પીડીયાટ્રીક, આંખ અને ગાયનેક OPD બપોરે ૧ થી ૬ શરૂ કરવામાં આવી હતી. હવે જયારે કોરોનાકાળ પૂરો થયા બાદ વારંવાર સ્ટાફ તરફથી, દર્દીઓ તરફથી માંગ આવતી હતી કે સવારની ઓ.પી.ડી. શરૂ થાય તો આંખના દર્દીઓ, ગાયનેક અને પીડીયાટ્રીકના દર્દીઓનાં કેસ ૧ વાગ્યે નિકળે છે અને પછીથી બધાની તપાસ થાય છે દર્દીઓ તો સવારનાં જ આવી જાય છે અને તેઓ બપોર સુધી રાહ જુએ છે અને દર્દીઓને તપાસ કરાવતા સાંજે ૬ વાગી જાય અને ઘરે જતાં તેઓને વહેલા વાહનો પણ મળતા નથી આ માટે વારંવાર રજુઆત થઈ હતી.

ત્યારબાદ છેક તા.૧૬ જાન્યુ.૨૩ થી ફરીથી આંખ, ગાયનેક, પીડીયાટ્રીક ઓ.પી.ડી સવારે શરૂ કરી દીધી છે. **આ નિર્ણય લેવામાં મોડું થયું જેનો અમે ભુલ સ્વીકાર કરીએ છીએ.**

◆

## નાનાઓની મોટાઈ

સૌને મારા નમસ્તે,

સહવિનય ભારત સાથે જણાવવાનું કે હું નામે પુરૂષોત્તમભાઈ કાલીદાસભાઈ આહિર. હું છેલ્લા પાંચ વર્ષથી સેવા રૂરલ સંસ્થામાં ચોકીદાર તરીકે ફરજ બજાવું છું એક દિવસે હું ફરજ પર હતો તે દિવસે આંખના ડોકટર કાજલબેન એમના પતિ સાથે આપણી સેવા રૂરલ સંસ્થામાં નોકરીમાં જોડાયા લગભગ ૩:૦૦ વાગ્યે તેઓ એમની કાર લઈ આપણા કેમ્પસમાં આવ્યા. બંકિમભાઈએ કહયું કે આમનો સામાન એમના રૂમમાં શિફ્ટ કરી આપવો અને બાકીનો સામાન હાઉસીગ શિફ્ટ કરવાનો હતો. ત્યાર પછી મે મારી મોટર સાઈકલ લઈ હાઉસીગ સોસાયટી બતાવવા માટે ગયો અને બાકી રહેલ સામાન ત્યાં રૂમમાં શિફ્ટ કર્યો. ત્યારબાદ ડો.કાજલબેનના પતિશ્રીએ મને ૫૦૦ રૂપિયા આપ્યા પણ મે એ રૂપિયા ન લીધા તેમ છતાં એમને કહયું કે ૨૦૦ રૂપિયા રાખો પણ એ પણ મે ન લીધા. પછી મે એમને કહયું કે આ કામ તો મારી ફરજમાં આવે છે. અને મને સંસ્થા આનું વેતન આપે છે. માટે મારાથી આ રૂપિયા ન લેવાય. હું ગરમીમાં પસીનાથી લોથપોથ થઈ ગયો હતો માટે એમણે મને ૨૦ રૂપિયા ઠંડુ પીવા માટે આપવા માંડયા ના પાડવા છતાં મને આપ્યા મને પછી વિચાર આવ્યો કે આ ૨૦ રૂપિયાનું શું કરવું મે ધાર્યું. હોત તો ૨૦ રૂપિયાનું ઠંડુ પીધું હોત પણ મે એ ૨૦ રૂપિયા દિલિપભાઈ પટેલને ઓફિસમાં જઈ જમા કરાવ્યા પછી એમણે મને એ ૨૦ રૂપિયાની મારા નામની ચિઠ્ઠી બનાવી અને મારા હાથે એ ૨૦ રૂપિયા દાન પેટીમાં મુકાવ્યા.

મને મારા કામ પ્રત્યે હંમેશા આ સંસ્થામાં નિષ્ઠાપૂર્વક કામ તેમજ કામનું મુલ્ય જળવાય રહે તેમજ મારો વિશ્વાસ અને ઈમાનદારી આ સંસ્થા પ્રત્યે બની રહે એવી અપેક્ષા સહ આભાર.

લિ. આપનો વિશ્વાસુ,
પુરૂષોત્તમભાઈ

## શકિતદાયી વિચારમાંથી

**શ્રદ્ધા, શ્રદ્ધા, પોતાની જાતમાં શ્રદ્ધા, ઈશ્વરમાં શ્રદ્ધા – આ છે મહાનતાનું રહસ્ય. તમારા તેંત્રીસ કરોડ પૌરાણિક દેવતાઓમાં તમે શ્રદ્ધા ધરાવો અને પરદેશીઓએ તમારી સમક્ષ આણેલા તમામ દેવતાઓમાં તમે શ્રદ્ધા રાખો – અને એમ છતાં તમારી જાતમાં કશી શ્રદ્ધા ન ધરાવો તો તમને મુકિતની પ્રાપ્તિ થઈ શકે નહીં. આત્મશ્રદ્ધા કેળવો; એ શ્રદ્ધાના પાયા ઉપર ઉભા રહો અને બળવાન બનો.**

# ઊંચ–નીચનો ભેદ કાઢો

ઊંચ–નીચનો ભેદ કાઢો
તો નૂરીજન નજરે આવે રે,
અઢાર વરણ એક જ પ્યાલે
અમીરસ મોજું માણો રે.
અંતર વિના અવિનાશી રીઝે નહીં, પ્રગટ પ્યાલે ભાળો રે,
ચૌદ બ્રહ્માંડથી ન્યારો ખેલે, પ્રેમે વ્હાલો બિરાજે રે.
ઊંચ–નીચનો ભેદ કાઢો...
મીઠા અમીરસ દૂર કરી, આઠ પહોર આનંદમાં મ્હાલે રે,
પ્રેમ તણી લગની લાગી, અણુ–અણુમાં જયોત જાગે રે.
ઊંચ–નીચનો ભેદ કાઢો...
ઉત્તમ–મધ્યમ એક છે, શીદને કરો છો તાણાવાણી રે,
રજો સતો તમોને જાણો, માયલા કાળીંગાને મારો રે.
ઊંચ–નીચનો ભેદ કાઢો...
સુખ દુઃખ આવે ને જાવે, ગુરુ ગોવિંદના ગુણ ગાવે રે,
ગુરુના ચરણે 'પંખી' ગાવે, દુઃખમાં કોઈ હરિ અજમાવે રે.
ઊંચ–નીચનો ભેદ કાઢો...

– પંખીબાઈ

સામાજિક સંવાદિતા અને માનવતાની ભાવનાના વિકાસમાં જ સામૂહિક જીવનનું અસલ સત્વ સમાયેલું છે. ઊંચ–નીચ, જાતપાત, ધર્મ–સંપ્રદાયના ભેદભાવો માનવસમાજ માટે વિષરૂપ છે. તેને કારણે માનવની અંદરની ચેતના મરી પરવારે છે. તે જીવન અને વિશ્વના સત્યથી કપાઈ જાય છે અને અસ્તિત્વવિરોધી ભાવનાઓથી ગ્રસ્ત થઈ તેના આંતરિક વિકાસની અને સત્યને પામવાની સંભાવનાઓને ગુમાવી બેસે છે.

તેથી જ પંખીબાઈ કહે છે કે માનવ–માનવ વચ્ચે ભેદભાવ કરવાની ખોટી પ્રથાને દૂર કરશો ત્યારે જ 'નૂરીજા' એટલે કે ચૈતન્યની સાચી ઓળખ થઈ શકશે. આ નૂરીજનનો વ્યાપ સ્વથી લઈને સચરાચરમાં છે. જયારે માનવ ઐકયની ભાવના સમાજમાં જન્મશે ત્યારે સમાજના બધા જ પ્રકારના સમુદાયો એક ચેતનાકીય ધારામાં આવીને સુખ અને સંતોષની સમજના માર્ગે ચાલશે અને પૃથ્વી પરની સામૂહિક યાત્રાને આંતરિક પ્રજ્ઞાથી સમૃદ્ધ બનાવશે. નિર્ગુણ સંતમાર્ગોમાં આ નિમિત્તે લોકસેવા, દીનહીન જનોનો ઉત્કર્ષ, સદાવ્રત, સામાજિક–સાંસ્કૃતિક ભેદભાવોને વિરોધે માનવ ધર્મ આધારિત સામાજિક સ્તર રચવાની ગતિવિધી આપણને જોવા મળે છે.

ફારૂક શાહ — સાભારઃ જૂન–૨૦૨૩, નવનીત સમર્પણમાંથી ટૂંકાવીને

જ્યારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.

મા શારદા

**પ્રિન્ટેડ બુક**

**—: વિશેષ સૂચના :—**

અમારી સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.

**આપનું E-mail / ID નીચેના મોબાઈલ ઉપર વોટ્સઅપ / SMS થી અથવા નીચેના સરનામે લખી મોકલાવશો.**

પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૧૧૦/ભરૂચ
**E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http:// www.facebook.com/sewarural**
ફોન: (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન: (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**